રમુજી વારતા સંગ્રહ.

કિ. ૪ આના.

સુરત "ખોદાબક્ષ" પ્રેસ
એમ. જે. પેસ્ટવાલા, નાણાવટ.

૫૭૦૬

નં૦ ૧ ...ટીવનું સંકટ.

એક ડીટેકટીવનું સંકટ.

(એક ડીટેકટીવે કહેલી વાત)

ઇંગ્રેજી ઉપરથી

તરજુમો કરનાર

કે. એચ. મોદી.

પ્રગટ કરનાર

એમ. જે. પોસ્ટવાલા.

સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં છાપી.

સને ૧૮૯૨

એક ડીટેકટીવનું સંકટ.

(એક ડીટેકટીવે કહેલી વાત)

લખનાર—Mr. K. H. Mody.

"અને હવે, તમે મને તમારી નોકરી શા માટે તજી દીધી તે કહો," જેવો નોકર ચાહના પ્યાલા ટેબલપર અમો બન્ને માટે મુકી ચાલતો થયો એટલે મેં મારા મીત્રને પુછ્યું.

રેનડોલ્ફે એક હાય મારી, અને પછી ચાહનું કપ પોતા આગલ ખસેડી જવાબ આપ્યો, "જયારે એ વાત સાંભલવાની તમારી ખુશી છે ત્યારે તો સાંભલો-તમે તો ખરા છેલ્લાં બે વર્ષ થયાં રશીયાના પાહાડી મુલકોમાં ફરતા હોવાને લીધે એ વાતની તમને ખબરજ નહિં હશે. તમે માનશો? મારી તો ઘણી હસી થઈગ."

"શું તમારી હસી થઈચ!" હું અજાયબીથી બોલી ઉઠયો કારણકે જેક રેનડોલ્ફ બે વર્ષ અગાઉ ઈંગ્લંડનો એક સરસમાં સરસ ચતુર અને જાણીતો ડીટેકટીવ હતો, અને તેને માટે ડીટેકટીવના અમલદારો વટીક મગરૂર હતા.

"તમે અજબ થાઓગ તેમાં કાંઈ નવાઈ નથી" તેને કહ્યું "તે વાત યાદ આવેચ ત્યારે હું પોતે અજબ થાઊંચ; જુઓ, સાંભલો. આજથી આઠ મહીના ઉપર-હું ધારૂચ કે તમે ત્યારે અત્રે નોહતા,—કેટલાએક એવા ગુન્હાઓ થયા હતા. કે જેનો કસો પણ પત્તો મલતો નોહતો, અને તે એવી તો હુશ્યારીથી ગુન્હાઓ કરવામાં આવ્યા હતા કે બાહોસમાં બાહોસ ડીટેકટીવના માણસોને પણ તેની કસી ભાલ મલતી નહોતી, અને તેમાં એકજ ગુનેહગારનુ સઘલું કામ હતું. એક વખત તો ધોલે દીવસે એક જાહેરબેન્કમાંથી રોકડ નાણું તેમજ નોટોની મોટી ચોરી થઇ અને તેથી આખા શેહેરમાં ધબરાટ થઈ રહયો. ડીટેકટીવોના ઉપરીએ મને બોલાવી આ 'કેસ' મારે હવાલે સોંપ્યો. તે વાત આ હતી.

"બ્રાઉનહામ કરીને એક નાનું શેહેર છે જયાં વેપાર રોજગાર વગેરે સારો ચાલતો હતો ત્યાં કાપનીની મોસમમાં

કેટલાક મજુરો પાસેના ગામમાંથી કામે આવેલા હતા, અને તેઓનો પગાર-એક નાહની બેન્ક જે તે ગામડામાંજ હતી ત્યાં મુકવામાં આવતો હતો. એક દહાડે તે ત્રીજોરી રાખનાર એકલોજ હતો અને તેનો સાથી કાંઈ કામસર પાસેના ગામમાં ગયો હતો, તેટલામાં એક ગ્રહસ્થ દેખાવનો બુઢો માણસ બેંકમાં આવ્યો, અને ૧૦૦૦ રૂપીઆ તે બેંકમાં મુકવા આવ્યોછ એવી ઇચ્છા બતાવી રૂપ્યા ગણવા મંડયો. તરતજ ત્રીજોરીવાલાએ રૂપીઆ મુકવાને ત્રીજોરી ખોલી.

"તે બુઢ્ઢા ગ્રહસ્થથી (જે દેખાતો તો નબલો લાગતો) એકાએક રૂપીઆની થોડ પડી ગઇ, અને સઘળા રૂપીઆ વેરાઈ વીખરાઈ પડયાથી ધ્રુજતે હાથે વીણવા પડયો. એકાદ બે રૂપીઆ તે બુઢાને નહિં મલવાથી પેલા દયાલુ દીલના ત્રીજોરીવાલાએ તેને શોધમાં મદદ કીધી. જેવો તે વાંકો વળ્યો કે એક મજબુત હાથ તેની ગરદનપર પડયો (તેને કોઈએ ગલચી પકડી દબાવ્યો) અને બેસુધીની દવાથી ભીંજવેલો રૂમાલ તેનાં મોં આગલ ધરયો. અને તે બાપડો બેભાન થઈ પડયો.

"જ્યારે તે શુધીમાં આવ્યો ત્યારે તેને પોતાની આસપાસ પોતાની સારવાર કરવા ઉભેલાં માણસો દીઠાં. પણ નસીબ તેના અને ત્રીજોરીના! કે પેલો મરેહાલ જેવો બુઢો તો ત્યાં નોહતો અને તેની સાથે તેના હજાર રૂપીઆજ નહિં, પણ ત્રીજોરીમાંની ૪૦) હજારની નોટ ઉપરાંત બીજુ રોકડ નાણું—કે જે ફકત થોડા દીવસમાં સરવેને હવાલે કરવાનુ હતુ તે—પણ પેલો બુઢોજ લઇ સટકી ગયો હતો.

"તરતજ બેંકના અમલદારોએ પોલીસને બોલાવ્યા અને તે ત્રીજોરીના એક ચોરખાનામાં તપાસ કરતાં પેલા નોટોના નંબરની નોંધ રાખવામાં આવી હતી તે અને કેટલાક રૂપીઆ સલામત હાથ આવ્યા.

"તે ખોવાયલી નોટના નંબર તાર મારફત સરવે ઠેકાણે મોકલવામાં આવ્યા, અને હાલ તુરત પરીણામની રાહ જોતા બેઠા.

"સાંજ થતાં તે બેન્કનો બીજો હીસાબ રાખનાર-જે પાસેના ગામમાં ગયો હતો તે આવ્યો, અને તેને પોતા પાસેની નોંધ

ખમાં સરખાવતાં વકોરાવાલી નોટની નોંધના નંબર તદન ખોટા જણાવ્યા, કે જે તે ચોરેજ મુકી, ખરી નોટના નંબરવાલી નોંધ પોતા સાથેજ લઇ ગયો હતો.

"આસાને બદલે સઘલો ઘભરાટ પાછો થઈ રહયો. ખરા નંબર ફરીથી બાહાર પાડવામાં આવ્યા, પણ હવે બહુ મોડું થઇ ગયુ હતું. કારણકે ચોરાયલી નોટના તો ક્યારના રૂપીઆ થઇ ગયા હતા.

"આ પ્રમાણેનો કેસ હતો, અને તે મારે હાથ સોંપવામાં આવ્યો. હું એકદમ બ્યાંકીનહામમાં ગયો અને બારીકીથી સઘલે ખોલ કરવા માંડી પણ કાંઈ પત્તો લાગ્યો નહિં, પેલા ત્રીજોરી વાલાએ તે માણુસના રૂપ-રંગનું આબેહુબ વર્ણન આપ્યુ પણ કોઈએ તેને બેન્કમાંથી આવતો જતો દીઠો નોહતો.

"આથી નાહિમ્મત ન થતાં મેં પેલા બુઢાએ જ્યાં નોટ વતાવી હતી ત્યાં જઈ તપાસ કીધી પણ કાંઇ વલ્યું નહિ. આખર હું નીરાસ થઇ મારા ઉપરી આગલ ગયો, અને મારી ઘણી ખોલ છતાં કાંઇ પત્તો હાથ આવ્યો નહિં તે વિષે વીગતથી તેને જાણીતો કીધો.

'પેહેલાં તો મેં જાણ્યું કે શેઠનો મીજાસ ગયો છે.

" 'એ તમો સઘળાને શું થયુંચ?' તેને ગુસ્સાથી કહ્યું. 'તમે કસા કામના નથી?'

"આ રીતનો મને ગેરઇન્સાફ થયાથી મેબી ગુસ્સામાંજ કહ્યું, 'મને સ્હેજ પણ પત્તો કે ઈધાણી આપો અને જો પછી હું ચોરને પકડવામાં નીસફલ જાઊં તો મારે નોકરી છોડી દેવી' "

રોનડોલ્ફે હવે ચાહેનુ કપ પી લીધુ અને અમે નાંસ્તો ખાઇ રેહેવા પછી તેને પાછી વાત ચલાવી.

"આ વાતને છ મહીના થયા પછી હુ એક ચોરની ખોલ માટે આર્યરલાંડમાં એક અંજાણ્યા ગામડામાં ગયો હતો. ત્યાંના લોકોને મારી ઉપર શક નહિં જાય અને હું મારી તપાસ બરાબર ચલાવી શકુ તે માટે મેં એક પાદરીનો વેશ ધારણ કીધો. આ ધારણ કીધેલા પોષાકને લીધે લોકો મને ચાહતાં હતાં, અને પાદરીના લાયક માનથી આવકાર દેતા, અને હુ સેહેલાઇથી મારી શોધને

માટે મારી મરજી પડે ત્યાં જઈ શકતો હતો. હું હમેશાં ગરીબ માણસો સાથે ફરતો અને તેઓનીજ સંગતથી મને પેલી બે-કના ચોરનો પત્તો મળ્યો.

"એક સાંઝે હું એક ઉતારૂખાનામાં મારૂં ખાનું ખાતો હતો તેવામાં એક દસ વર્ષનો ચંચલ દેખાવનો છોકરો ત્યાં આવ્યો, અને મારી તરફ જોઇને તે બોલ્યો: 'સાહેબ, એક માણસ જે પાસેના મોહોલ્લામાં એક ઘરમાં મરવા સુતો છે, તે એક પાદરીને બોલાવેછ તેથી જો આપ મારી સાથે આવશો તો મોહટો ઉપકાર થશે.'

"'શા માટે તમે આ ગામના પાદરીને નથી બોલાવતા?' મેં ભારી થઇ કહ્યું.

"'સાહેબ, તેઓ પાસેના ગામમાં ગયલા છે, અને આજ સાંજ સુધીમાં પાછા આવનાર નથી.' તે છોકરાએ જવાબ દીધો.

"પછી હું તે છોકરા સાથે મારી બાઇબલ (કે જે મેં એવા વખતને માટે રાખી હતી તે) લઇ નીકલ્યો. ચાલતાં ચાલતાં હું એક કંગાલ ઝુંપડા આગલ તે છોકરા સાથે આવ્યો, કે જે ઘરનાં એક કંગાલ બીછાનાપર એક મરવા કાંઠે આવેલા સખસને મેં જોયો, કે જે બચારાની આખર આવી લાગી હતી. તે આજારી માણસનો મારે માટેનો આતુર ચેહેરો જોઇ જોકે મને હસવું આવ્યું, કારણકે તે મનેતો એક પાદરીજ લેખવતો હતો, અને હું તેને હવે દીલાસો દઈશ એવું સમજતો હતો. મેં તેને દીલાસો આપી બાઇબલના થોડાક ફકરા વાંચી સંભલાવ્યા. આથી તેને શાંતી થઈ, અને તેને પોતાની જીંદગીનો હેવાલ મારી આગલ કેહવો સરૂ કીધો.

"'હું એક ચોરછું, અને ચોરોનો સરદારછુ, પણ હવે હું મરવા સુતોછુ અને ફરી પાછો ઉઠનાર નથી, તેથી મારાં પાપનો તમો આગલ પશ્ચાતાપ કરૂંછુ.'

"મેં કહ્યું 'તમે મરતી વખતે પશ્ચાતાપ કરોછો તો ઠીક છે, પણ જો તમારા ગુન્હાઓ તમે મારી આગલ કબુલ કરશો તો તમને વધારે શાંતી થશે; તે સીવાય તમારો બધો પશ્ચાતાપ ખોટો છે.'

"આ સાંભળી તે થોડો વાર ચુપ થઈ ગયો, અને પછી બોલ્યો, 'હા, એક વાત તમને કહુ તો તેથી એક માણસ સુખી થાય છે. તે પણ મારા જેવો ચોર છે.'

"મેં કહ્યુ કે તમે બેફીકર હવે બોલ્યા જાઓ.

"'થોડાક મહીનાની વાતપર,' તેને ધીમે ધીમે બોલવા માંડયું 'મેં એક મારા જેવાજ જોડીઆની સાથે બ્રાઉનહામની બેન્ક લુટવાનું નક્કી કીધુ હતું. ત્યાં જતા રસ્તામાં હું માંદો થઈ ગયો અને તેથી મને તો રસ્તા વચ્ચેજ રેહવું પડયું, કે જ્યારે મારો જોડીદાર તો એકલોજ ગયો. તે બ્રાઉનહામ ગયો અને મારા ધારવા ઉપ્રાંતની લુટ ફતેહ સાથે લઈ મારી તરફ પાછો ફરયો. પણ તેને લુટનો અડધો ભાગ આપવાને બદલે ફકત મને ૨૦૦) સો રૂપ્યા આપ્યા. આથી મને ગુસ્સો લાગ્યો, અને મેં તેની ઉપર વેર લેવાનું નક્કી કીધું. તે ચોરને એક છોકરી હતી જેને તે પોતાના જાનથી જુદા ગણતો હતો, અને જેણીને તે એક સારી કેળવણી આપનાર હતો. તેણીને એક સારી નીશાલે મુકી હતી જયાંથી હું તેણીને ચોરી લાવ્યોછું, અને તેનીનો કદીપણ પત્તો મલે નહિં એવી જગ્યાએ તેણીને રાખવામાં આવી હતી. હવે તમે જો તે છોડીને તેના બાપ આગલ પોંહચાડો તો મારો જીવ સુખે જાય.'

"'મને તેઓ બન્નેનું નામ નીસાન આપો તો હું આલબત પોંહોચાડીસ' મેં કહ્યું.

"તેને મને સરનામાં આપ્યાં જે મેં ઘણી સંભાળથી ટાંકી લીધાં. પછી મે તેને દીલાસો દીધો અને બાઈબલનો એકાદ ફકરો વાંચી સંભળાવ્યો, તેટલાંજ તે અભાગ્યો મરદ તે કીરતારની આગલ પોતાનો હીશાબ આપવા ગયો.

"હું મારે ઉતારે ગયો, અને હવે પછી શું યુક્તિ યોજવી તેના વિચારમાં બેઠો. આયરલાંડમાં મારૂં કામ પુરેપુરૂં ફતેહ પામ્યું હતું, જોકે હવે એ વીગતવાર જોઈતુ અજવાલું પડવા માટે હું ત્યાંથી વ્હાઈટચેપલ આવ્યો. બરાબર સરનામુ હોવાને લીધે મને તે છોકરીનું ઘર સોધતાં કાંઈ મુશ્કેલી લાગી નહિ.ત્યાં મેં ન્હાની નેલીને (કે જે તેણીનું નામ હતું અને બેન્ક લુટારાની તે ની-

ફેરાસ છોડી હતી; જેથ, કે જેણીની ખુબસુરતી અને પૈશાની ફોઇ ઉમરાવ જાદીને મલતી આવતી હતી. હું તેણીને તે ઘરમાંથી એક સારાં હોટલમાં લઈ ગયો, અને તેણીને સારો ખોરાક ખવાડી સારાં કપડાં પેહરાવ્યાં, અને પછી મેં તેણીને મારા ખાનગી બેસવાના ઓરડામાં બોલાવી.

"તે નિરદોષ છોડીના બાપને ફસાવવામાં મે તેણીનીજ મદદ લેવાને ઠીક વીચાર્યું. આથી મારૂં અંતઃકરણ મને દઃખવા લાગ્યુ; પણ તેની દરકાર કરયા વગર હું મારે કામે વલગ્યો.

"નેલી પોતાના બાપને એક ભલો અને ઉમરાવ માણસ જાણતી હતી--અને તેપણ તેણીને ઘણો ચાહતો હતો અને તેથી પોતાના બાપને મલવાના વીચારથીજ તેણી ખુશ થઇ ગઇ.

"મારા કેહવાથી અને મારા લખાવ્યા મુજબ તેણીનાં બાપ ઉપર કાગલ લખ્યું, જેમાં તેણીના નાકરી જવાને લગતી ખરી બીના અને મુકરરર જગ્યાએ તેના આવવાની હું રાહ જોઉંશ એવી વીગતનો તેણીના હાથનો કાગલ લખાવી મેં પોસ્ત કીધો અને શું પરીણામ આવેચ તેની રાહ જોતો રહયો, જયારે નેલી તો પોતાના બાપને ઘણે વરશે મલવાના હરખથી હરખાતી હતી.

"વખત થયો હતો, અને હું અને નેલી ગામ બ્હાર એક ઘર જે અમે ભાડે રાખ્યુ હતું, અને જેમાં તેણીએ ઉતારો લીધો છે એવું પોતાના બાપપર લખ્યું હતુ તે પ્રમાણે કરેલી ગોઠવણમાં અમે ગયાં.

"નેલીનો બાપ કશા પણ શક વગર ઠેડવેલી જગ્યાએ આવી લાગ્યો. નેલી દરવાજાની પાસેના ઓરડામાં હતી; હું, અડધો દજન પોલીસના માણસ સહીત તેની સામેના ઓરડામાં હતો.

"નેલીનો બાપ તેણીના ઓરડામાં દાખલ થયો કે તરતજ મારી ઓરડીમાનાં ત્રણ જણા બાહાર નીકલી તે ઓરડીના દરવાજા આગલ ઉભા. મેં થોડો વખત જવા દીધો, અને પછી મારાં માણસોને ઈસારત કીધી. બારણાઓ એકદમ ખુલી ગયાં, અને પોલીસના માણસો એકદમ અંદર ઘુસ્યા, અને તે ચોર કે જેનું નામ એમરસન હતુ તે નીચેથી ઉપર જોય તેટલાં તો પોલીસોને હાથ સપડાયો. તેના હાથમાં બેડી ઠોકવામા આવી, અને તેને કેદ પકડયો.

"તે જરાક પણ બીહયો નહિં, અને નેલી, જે બીહતી ધ્રુજતી સ્તબ્ધ ઉભી હતી તેણી તરફ જોયા પછી બોલ્યો, 'કેમ ગ્રહસ્થો ?'

"'હું તમારી છોકરીના દેખતાં તમારી આબરૂ ખોલવા માંગતો નથી' મેં જવાબ દીધો. 'તમને મારી સાથ આવવું પડશે કે જ્યાં મને તમારી સાથે બ્રાઉનહામમાં થયલી સાહુકારીને લગતી વાત કરવી છે.'

"જેવો હું આ બોલી રહ્યો કે તેને પોતાનો હાથ કોટની નીચેના બનકોટના ગજવામાં ઘાલ્યો, અને એક પીસ્તોલ કાહડી મારી તરફ ટાંકવા લાગ્યો; તેવામાં નેલીએ કુદીને તેની નેમ ચુકાવી દીધી અને હું બચ્યો, અને ગોલી એક ભારવટીઆમાં લાગી.

"તરતજ એમરસનને પકડી તેના હાથમાંની પીસ્તોલ છીનવી લીધી, અને તેના ઝાહરા જોવામાં આવ્યા. તેની પાસે જે ચીજો હતી તે લઇ લેવામાં આવી અને સીગારના એક પેકેટ પણ તેના ગજવામાંથી મલી આવી.

"તે સીગારની પેટી તેને પોતાનો હાથ લાંબો કરી માંગી, અને મેં તે પ્રથમ આપવાની તો ના પાડી; પણ પાછલથી મેં તેને પીવા માટે તે પેટીમાંથી એકજ લેવા દીધી.

"તેને તે પેટીમાંથી ઘણી સંભાલથી એકજ લીધી અને બાકીની પાછી આપી. ખચીત તે એટલોતો સોહામણો અને ગ્રહસ્થ જેવો દેખાવનો હતો કે મારેથી તેની તરફ સભ્યતાથી વર્તયા વના રેહેવાયું નહિં. તે પીસ્તોલના 'બાર' પછી તે એટલોતો નરમ થઈ ગયો, અને ચોકીઆતો સાથે એવીતો સભ્યતાથી વર્તવા લાગ્યો, કે મને તો તે ઉમરાવ જેવો લાગ્યો. તેને હવે બીલકુલ નેલી તરફ કશું જોયું અથવા તો તેણીને બોલાવી નહિં. અને નેલી પણ પીસ્તોલ ફુટયા પછીની બ્હીક અને ધાસ્તીથી રડતી એક ખુણામાં પડી હતી. એક ગાડી એમરસનને માટે બોલાવવામાં આવી હતી.

"'હું ફસ્યો, અને તેબી વળી મારાં બચ્ચાંથીજ.' ગાડીમાં બેઠા પછી મેં તેને બબડતાં સાંભળ્યો. હું નેલીને મુકરર જગાએ લઇ આવવાનો મારાં માણસોને હોકમ કરી બેઠો હતો. હું એમરસનની સામેની બેઠકપર હતો, અને મારો માણસ ડ્રાઇવર સાથે 'કોચ બાકસ'પર બેઠો હતો.

"'વારૂ, સાહેબ,' એમરસન જેવી ગાડી ચાલવા માંડી કે બોલ્યો, 'તમારી મદદનીશ પેલી છોકરીએ પોતાનું કામ ફતેહમંદ બજાવ્યુ તે માટે તમને અને તેણીને હું મુબારકબાદી આપુછ.'

"'તમે ભુલ કરોચ,' મે જવાબ દીધો. 'ગરીબ નેલી બીચારી નીરદોષ છે. તેણીએ તો મા'રા કહેવા પમાણે કીધું છે, અને બાપડી તમને તો એક ખરેજ નીરઅપરાધી નીશકલંક ધારેચ.'

"'ઈશ્વરનો આભાર માનુંછ! બાકી હુંતો એમજ ધારતો'તો કે મને તો મારી નેલીએ ફસાવ્યો.'

"'ખાત્રી રાખો, અને નાહક તે બાલક છોડીને દોષ ના દો. તેણી નીરદોષ છે અને મોરટન હાઉસમાં એક બાયડીની સંભાલમાં સલામત છે.'

"'હું ધારૂંચ કે ત્યારે મને પકડી આપવાનું ઈનામ પણ તમને મલશે' તેને મને પુછયું.

"'હા, હું હવે તમને ઇન્સાફી કોરટમાં ગુનેહગાર તરીકે જાહેર કરી શીક્ષા કરાવીશ.'

"'પણ તમે મને ગુનેહગાર સાબેત કરશો ત્યારે કેની!' તેને શાંતપણે કહ્યું.

"અત્યાર સુધી જે તેના હાથમાં સીગાર હતી તે હવે તેને સલગાવી પીવા માંડી.

"થોડાક વખત પછી તે એકદમ બોલી ઉઠયો 'અરે શેઠ, તમે બાજી તો ઠીક રચી પણ તમે મારૂં સીરનામુ કેમ મેલવવા પામ્યા તેનો કહો.'

"મેં તેને ટુંકમાં સઘળી વાત કહી મેં વાત પુરી કીધી ત્યાં સુધી તે ચુપ રહયો, અને પછી બોલ્યો, 'અને ત્યારે, મી. રેનડોલ્ફ, તમે એમ તો કહોચ ખરાની કે જો કસો ચોરીનો પત્તો મલે અને હું તે ચોરને પકડી નહી લાઉં તો મારે નોકરી છોડવી.'

"'નહી તે કેમ પકડે?—અને હા, મેં એ સરત પણ કરી છે.'

"તે હસ્યો, અને બોલ્યો 'ત્યારે એકદમ તમો નોકરી છોડો. તમે કામ તો ઠીક કીધુચ પણ તમે કદી મને શીક્ષા કરાવી શકવાના નથી.'

"'મારાથી બનશે તે હું કરીશ' મેં જવાબ આપ્યો.

"એમરસન હજી સુધી પોતાની સીગાર પીતો હતો, ને હવે

ધીમે ધીમે વાત કરતો બંધ પડયો. મેં તેની તરફ જોયું તો તેનું શરીર ધ્રુજવા લાગ્યું; ધીમે ધીમે ધ્રુજરી વધતી ગઈ. તેનો ચેહરો ફીકકો મારી ગયો, અને મેં તેને પુછયું.

" 'શું તને સીક છો!'

"તે હસ્યો.

" 'તમે મને કદી પણ ઇન્સાફને સ્વાધીન કરી શકવાના નથી.' તે બોલ્યો અને પોતાની પીધેલી બાકી રહેલી સીગાર મારા હાથમાં આપી. મેં તરતજ જોયું તો તે સીગર જુદી રીતની હતી, અને તેમાં એક પ્રાણીજ નહાની સીસી હતી.

"મેં વિચાર્યું કે તેને શું તે સીસીમાંથી ઝેહેર પીધું હશે! મે સીગારની પેટીમાંની બીજી સીગારેટ જોઈ પણ તેતો સાધારણ જેવી હતી.

"થોડા વખતમાં એમરસન ગાડીમાં મુડદું થઈ પડયો. મે ગાડીવાલાને કોઈ પાસેના સ્ટેસનપર લઇ જવાને ઉતાવલેથી ગાડી હાંકવા કહ્યું અને ત્યાં અમે તેને બચાવવાના ઉપાયો કરયે, પણ તેવું હતુંજ નહિં. તેના સાંધા અકડીને ખેંચાઈ ગયા હતા. જ્યારે ડાક્ટરે તે મુડદાંને તપાસ્યું ત્યારે એવું મત આપ્યું કે તે પંદર મીનીટ થઇ મરી ગયોછે.

"તે મુડદાંને એક ઘરમાં સુવાડવામાં આવ્યુ અને તેજ ઘરમાં રાત પડી જવાથી મે પણ મારો વાશો લીધો. ઊંઘમાં મને એમરસનનો આકાર એક પથરાપર નાખેલો જણાયો, અને તે દેખાવથી મારા મન ઉપર જબરી અસર થઇ- મેં સુવાના ઘણા ફાંફાં મારયાં પણ તે દહાડેના બનાવો અને તે મુએલા એમરસનનો ચેહેરોજ મારા મનપેર એવો તો ઠસી ગયો હતો કે મને ઊંઘ આવી નહિં.

"હું તરતજ ઉઠયો, અને મારા ઊપરી ઉપર એક ચીઠ્ઠી લખી. તે નીચે પ્રમાણે હતી:

" 'મેં મારું વચન પાલ્યું છે. પેલા બેન્કના ચોરનો પત્તો શોધી કાહડયોછ. અને તેને ઈનસાફ પુગાડવાની તઈયારીમાં હતો, પણ હવે તો તે પરમેસ્વર આગળ પોતાના પાપનો જવાબ દેશે. કારણકે તે હમણા પોતાને હાથેજ મરી ગયો છે, અને પાશેના ઓરડામાં એક પથ્થર ઊપર સુવાડયો છે.'

"આટલુંજ લખીને મેં તે ચીઠ્ઠી આવતી સહવારે પોરટ

કરવાના વીચારથી ટેબલપર મુકી રાખી, અને પછી હું બીછાના પર સુતો.

'હું ધારૂંચ કે મેં તે રાત્રે સ્વપનોજ જોયો હતો, અને કોઇ કોઈવાર તો જીવતાં માણુસ જેવો ખુલ્લો આકાર મને દેખાતો. તે સ્વપ્નામાં મેં જે માણુસને જોયો તે પેલોજ મુએલો એમ-રસન કે જેને પથ્થરપર સુવાડયો હતો તેનો આકાર મને લાગ્યો. તેને હમણા પોતાના બધાં કપડાં પેહડેલાં હતાં, અને મારી બા-જુએ થઈ ટેબલ આગલ જઈ વાંચતાં મેં જોયો; પછી તેને સ્ટીલપેન લઇને તે ચીઠીમાં કાંઇ લખ્યું, અને તેને સીલ કરી પોતાના ગજવામાં મુકી દીધું

"આ દેખાવથી મારૂં લોહી ઉકળી આવ્યું. મે બુમ પાડવાની ઘણી પણ કોશેષ કીધી, પણ મારેથી બોલાયું નહિં. પછી તે મા ણુસ મારા માથાં આગલ આવ્યો, અને મારાં મોહડા ઉપર એક રૂમાલ ફેરવ્યો, એટલે હું તુરત ઊંઘમાં પડયો તે છેક સહવાર સુધી.

"જયારે હું જાગ્યો ત્યારે મારા ધબરાટ અને નાઉમેદી વચ્ચે જોયું તો જે પથ્થર ઉપર એમરસનનું મુડદું પડેલું હતુ તે પથ્થર ઉપર હું સુતેલો હતો. ઝડપથી ત્યાંથા ઊઠયો, અને મને માલમ પડયું કે એમરસન તો કેથે વંજો માપી ગયલો.

"હું મારા ઓરડામાં જઇઝડપથી જોઊંચ તો મારાં સઘલાં કપડાં અને ટેબલપરથી પેલો કાગલ પણ લઇ ગયલો હતો, તે સાથે વલી તેની સોડમાંજ મુકેલું મારૂં સુત્રાનું ધડીયાલ મલે નહિ.

"ધાબલી આંગે લપેટી હું માણસને પુછપરછ કરવા બા-રણા આગલ ગયો અને ચાકરોને બોલાવ્યા.

"'કોઇએ મારાં લુગડાં ચોરયાંચ?' મેં ગુસ્સાથી કહ્યું, અને તેની ખોલ કરવાનો હોકમ ફરમાવ્યો.

"મારી પાસે બીલકુલ પેહેરવાના લુગડાં રહ્યાં નોહતાં, તેથી હું એકાદ ચાકરનો ડ્રેસ પેહરી નેલાને મેં જે હોટલમાં રાખી હતી ત્યાં ગયો. પુછતાં પેહલાં તો મેં એમ જાણ્યું કે હજી તેણી ઊઠી નથી. પણ તપાસ કરતાં તો માલમ પડયું કે નેલી પણ મલે નહિ. રાતને દરમ્યાન તે લોક કયાં અને કેમ ગયલાં હોવા જોઇએ તે કો ઈને ખબર પડી નહિં.

"'બેશક ખુદદોજ—એમરસન—ચોરજ—પેલી તેલીને લઈ ગયો, તેમાં તો કાંઈજ શક નોહતો. મેં તરતજ બધે ખોલ માટે માણસો મોકલી દીધાં પણ ગમે એવી પણ તેઓની શોધ કરતાં કશો ભાલ મલી નહિં. ત્યારે આપણે જાણ્યું કે એ પણ ખરો શાહુકાર. મે તો ધાર્યું કે તે લંડનમાં હસેજ નહિં. કાંઈ દુરદરાજ, દેશોમાં ગયાં હશે.

'એમરસનના નાહસી જવાને બીજેજ દહાડે મારા ઉપરી તરફથી એક 'નોટ' મલી જેમાં લખ્યું હતું કે:

" 'હજી શું થયું? નહિતો એકદમ પાછા આવો.'

" 'હું સાંજરેજ મારા ઉપરી આગલ આવી લાગ્યો અને મેં તો તેને ગુસ્સામાંજ જોયો. જેવો હું ઓરડામાં દાખલ થયો કે તેને પોતાની ટેબલમાંથી એક કાગલ કાહડી આપ્યું, જે પેહેલાં તે મેં મારેજ હાથે લખ્યું હતું એમ ઓલખયું અને પછી મેં તે કાગલ મોહુ આગલ ધરી જોયું અને પછી તેને કહ્યું કે 'આ બધુ શું?'

"જેવો મેં તે કાગળ બરાબર તપાસી જોયો કે સઘળી ખરી બીના મારા ધ્યાનમાં આવી. મેં જે સ્વપનો જોયો તે કાંઈ સ્વપનો નહિ, પણ ખરેખર જે મેં જોયું તેજ હતું. પેલી મારી ચીઠી નીચે મારા જેવાજ અક્ષરે પેલા ચોર એમરસને તાજે કલમમાં નીચલી લાઈનો લખેલ હતી:—

" 'તા૦ કા૦—મેં મારું મન ફેરવી નાંખ્યું છે, અને ઈમરસનને મેં બેન્ક લુટનાર તરીકે ઊપર ... છે તેની સભ્યતા, લાયકાત, અને સારી ચાલચલણના ખવાસથી મારા મન ઉપર એટલી બધી અસર થઈ છે કે મેં તેને નાહસી જવાની મદદ કીધી છે, અને તેના ... મેં તેને ઓલખાઈ નહિં શકે તેટલા માટે મારાં કપડાં વીગેરેની મદદ આપીછે, અને જે પથ્થર ઊપર તેને સુવાડયો હતો તે ઊપર હું સુતો છું અને આથી હું મારી નોકરીનું રાજીનામું આપુછું.

સી૦

રેન્ડોલ્ફની સલામ.'

" 'આ ચીઠી વાંચી મને હસવું આવ્યું; જોકે મારો ઉપરી ઘણોજ ગુસ્સે થઈ ગયો હતો. તોપણ તે ચોરની બહાદુરીની વખાણ કરયા વના મને ચાલ્યું નહિં.

"પછી મેં મારા ઉપરીને સઘળી ખરી બીના કહી, અને મારા વચન પ્રમાણે મેં મારી નોકરી છોડી દીધી."

નેડનું સાહસ.

વોલપ્રેઝો એ પાસીફીક કીનારાપર એક ઘણુંજ સરસ શેહેર છે. ચીલીના લોકો ઘણાજ સાહસીક હોય છે અને પ્રજા સતાક રાજ ઘણું ચાહે છે. તોપણુ કેટલાક સાધારણુ લોકો ખારીલા સ્વભાવના છે જયારે થોડાક પરદેશીઓ માયાળુ સ્વભાવના છે. પણુ ચીલીની ભુરી આંખવાલી કુમારીકા સાથે ઉલટીજ વાત છે અને યાંકીના ખલાશીઓ ત્યાં જવા ઘણું ચાહે છે. અને પોતાનો વખત ખુશીમા ગુજારે છે.

નેડ વીલ્સટન એક વહાણુપરથી કીનારે ઉતર્યો, કે જે વહાણુનો દક્ષિણુપાસીફીકપર તોફાન લાગવાથી ઉપલો ડોલ ભાંગી ગયો હતો તેને સમુ કરવાને માટે અઠવાડીઆનો વખત લાગવાનો હતો, અને નેડ વીશવાસુ માણુસ હોવાથી તેને કીનારે જવાની રજા મલી. નેડને દારૂ પીવાની ટેવ હતી નહીં એટલે એ પોતીકો ઘણો ખરો વખત પહાડની ટેકરી ઉપર ફરવામાં અને સુંદર કુમારીકાને જોવામાં ગુજારતો.

એક દિવસે તે શેહેરની ઉત્તરે દસ માઇલને છેટે કોઇ ચીજની શોધમાં જતો હતો જયારે કોઇ તકરાર કરતા હોય એવો અવાજ તેને સંભલાયો અને પછી મદદને માટે કોઇ સ્ત્રીની ચીસ તેને પ્રગટ સંભલાઇ. ઝાડીઓમાંથી બહાર પડી તે ખુલ્લી જગ્યાએ આવ્યો જયાં તેને એક ઘણીજ ખુબસુરત છોડીને જોઈ, કે જેને વોલપ્રેઝોની નાચ પાર્ટીમાં તેને આગલ દીઠી હતી, તેની સાથે એક કાલા મોંનો ચીલીઅન કે જે કંઇ એવો જોરાવર નોહતો તેને લડતાં દીઠો.

"એ ભલા માણુસ" નેડે આગળ જઇ કહ્યું "મુંગો-મુંગો છોડીં દે, નહીં તો કંઈ ભારી પડી જશે."

"તારી શીખામણ તુને નહિં ભારી પડી જાય" તે જંગલી ચીલીઅને ડોળા કકડાવી જવાબ આપ્યો "મારૂં કહ્યુ માનેતો—એક દોસ્તીના હક તરીકે કહુંચ કે, જે કામે જતો હોય ત્યાં મુંગે મોઢે રસ્તે લાગ. મેન્યુઅલ ગોડેનાની સાથ ખટપટમાં પડી આજ સુધી કોઇ સુખી થયું નથી."

"જો આ જવાન છોડી મને છોડી જવા કહે તો" નેડે શાંત થઈ કહ્યું "હું અત્તર ઘડી ચાલી જાઉં."

"નહિં. નહિં, !" તે છોડીએ બુમ પાડી "મને આ માણસ આગળ એકલી છોડી જશો ના."

"ઠીક" નેડે કહ્યું "જોયું મેન્યુઅલગોડેના, તે છોડી મને છોડી જવા ના કહેચ, અને હવે ત્યારે હું તને છોડવ્યા વના રહેનાર નથી"

તે જંગલી ચીલીઅને એક છરી કાહડી, અને નેડ સામે ઉગામી. નેડે તેના હાથમાંથી છટકાવી નાંખી, અને તેની જીંદગીમાં નહિં ખાધી હોય એવી એક સજજડ મુક્કી તેના મજખમાં મારી.

આખરે તે ચીલીઅન નાહસી ગયો.

"સાંભળ, ઓ અમેરીકન," તેને જતાં જતાં કહ્યું "હું સોગંદ ખાઇ કહુંચ કે તારાપર મારૂં વેર લીધા વના હું નીરાંતે ઉંઘીસ નહીં."

નેડે તેની કાંઈ દરકાર કીધી નહિં અને તે છોડી જે અત્યાર સુધી બીહતી હતી તેને દીલાસો આપ્યો.

"આ જગ્યાએથી તમને સહીસલામત મને વલાવવા દો. તમે ભાગ્યેજ ત્યાંથી સલામત જઇ શકશો" નેડે કહ્યું.

"હું તમારો ઉપકાર માનુંછ સાહેબ, પેલો ચંડાલ મારો પીતરાઈ થાય છે, અને આજે સહવારે મારા બાપને ઘેર વલાવતા તે મારી સાથે આવ્યો, પણ જ્યારે અમે આ એકાંત જગ્યાએ આવી પહોંચ્યા, ત્યારે તેને મને પકડી અને તેની સાથે પરણવાનું વચન ન આપું ત્યાં સુધી મને પકડી રાખી માર મારવાનો વીચાર કીધો હતો."

"તે એક દેશી ચાંચ્યો છે" નેડે કહ્યું "અને જો કાંઈ વધતું બને તો આપણે ઘાટખી ઘડી નાખતે."

"હું કાંઈ તે સમજી શકતી નથી" તે છોડીએ આનંદદાયક હસી કહ્યું "પણ મારા બાપને ઘેર નહિં આવો ત્યાં સુધી હું તમારી કરજદાર છું."

"હું તદન તમારી નોકરીમાં હાજરછું" નેડે બહાદુરીથી કહ્યું "પણ કયે રસ્તે તમે જવા માંગોછ તે હું જાણુતો નથી."

"આએજ રસ્તે સાહેબ."

તે ભપકાદાર ખલાશીના મરદાનગી ચેહરાપર ઘડીભર એક આંખનો પલકારો મારી તે જંગલ જેવા રસ્તામાં તેણી ચાલી. તે પલકારોજ દેખાડતો હતો કે જ્યાંથી જશે ત્યાં તેની સાથે તેણી સલામત રેહશે. એક કલાકની મુસાફી પછી તેઓ શેહેરમાં દાખલ થયા અને ત્યાંથી તેઓને વાડીઓથી ઘેરાયલા એક સુંદર બંગલા આગળ કેટલાક ઢોરો પણ ચરતાં દેખાયાં.

"આજ અમારૂં ઘર, બ્હાદુર અમેરીકન" તેણીએ સામેના બંગલા તરફ આંગલી દેખાડી કહ્યું "એ ઘરમાં તમે આવો અને મારા બાપને તમારો ઉપકાર માનવા દેવો."

"એક કામ જે બજાવવાને મનુષ્ય જાત ના ન પાડે તેવું મેં બજાવ્યું છે તો તેમાં ઉપકારની હું કશી અગત જોતો નથી, અને તમારૂં નામ કેહશો? મારૂં નામ નેડ વીલટન છે, અને બીગ વેરપર (સ્ટીમર) ઉપર હું ખલાસી છું."

"અને મારૂં નામ 'આઇસોલા મેન્ડાઝ' છે, જો હું ભુલતી ન હોઊં તો ગયે અઠવાડગે વાલપ્રેઝોની નાચ પારટીમાં આપણે મલ્યાં હતાં."

તેઓ તે ભપકાદાર બંગલામાં દાખલ થયાં, અને તેણીનાં બાપ મેન્ડાઝને મલ્યાં. તે બુઢ્ઢા મેન્ડાઝે તેણીની વાત સાંભલી તે જુવાન નેડે તેણીની જે સેવા બજાવી હતી તેનો મીઠા બોલોમાં આભાર માન્યો, પણ નેડે અટકાવ્યો.

"એક નજીવી સેવાનો આટલો બધો આભાર માની તમે મને નાહક સરમાવોછ" નેડે કહ્યું "હવે બસ કરો."

"હું એ સેવાનો કાંઈ બીજી રીતે ઉપકાર વાલવા માગુંછ, જુવાન માણસ" તેણીના બુઢ્ઢા બાપે કહ્યુ. "જો તમને કંઈ અગતનું કામકાજ ન હોય તો એક અઠવાડયું અમારે ત્યાં રેહવું પડશે, અને તે વખતમાં હું તમને ખુલાસો કરીશ."

"મને આ કીનારાપર ફકત એક અઠવાડીયાનીજ રજા છે" નેડે કહ્યું "અને પછી મારે ઉપડવું છે. હું તમારૂં નોતરૂં ઘણા આભાર સાથે કબુલ રાખુછું."

ત્યારે ચાર દિવસ ઘણા હસી ખુશીમાં પસાર થયા. અને તે બાપ બેટી આ જુવાન નવા પરોણાને ખુશી રાખવાને પોતાથી બનતું કરતા હતા. **આઇસોલાનો** તે એક સરસ સાથી હતો, અને હવે તે બંગલો છોડી જવાનો વખત નજદીક આવતો ગયો તેમ તે દીલગીર થતો ગયો. સાતમે દહાડે તેઓ જંગલ ફુટપાથપર સાથે સવાર થઈ ફરવા ગયાં અને એતો ખુલ્લું જણાતું હતું કે તેઓ બન્ને એકમેકને ચાહતાં હતાં. જેવાં તેઓ મેદાન આગલ થોડી મીનીટ અટકયાં કે એક ડજન ઘોડેસ્વારે તેમને ઘેરી લીધાં. નેડ તેઓ સામે બહાદુરીથી લડયો, અને તેઓમાંના એકાદ બેને તો ગોળીથી ઠાર કીધા જ્યારે બાકીના થોડાકને ઘાયલ કીધા પછી તે હારી ગયો અને આ પહાડી સવારોના સરદાર તરીકે પેલાજ **મેન્યુલ ગોડેનાને** હવે તેને ઓળખ્યો.

"મેં તને નહિં કહ્યું'તું કે મારૂં વેર લેવા વના હું કદી શાંત બેસીશ નહિં, ઓ દુષ્ટ અમેરીકન" તે ફુંફાડા મારતો બોલ્યો, અને અત્યાર સુધી તે નેડનેજ તાકી રહ્યો હતો તે **આઇસોલાને** હવે પકડવાના વિચારથી પાછલ ફરી બોલ્યો—"હવે **આઇસોલા**—"

પણ તે છોડીએ તો લુટારાઓની વચમાંથી એકાએક એવી તો દોડ મુકી (કારણકે તેઓએ કાંઇ પેહલાંથી તેણીને પકડવાની કોશેષ કીધી ન હતી) અને પાછલથી તેઓમાંના ચાર પાંચે તેણીની પુઠ પણ લીધી—પણ ચીલીમાં **આઇસોલા** સાથે ઘોડો દોડાવવાની બરોબરી કરે એવો કોઇ શખસ નહતો, અને તેઓની નજરથી તેણી દેખાતી બંધ થઇ ત્યારે તેઓએ પોતાના હાથમાંથી શીકાર ગયો એવું અનુમાન કીધું.

ગુસ્સાથી ચીકાલ થયલા ગોડેનાએ મોટી બરાડ મારી.

"જોહનમમાં ગઈ તે છોડી!" તેણે બુમ પાડી "મારો વિચાર એમ હતો કે તેણીના આશકને તેણીની નજર આગલજ

શીક્ષા કરવી, પણ કાંઇ ફિકર નહિં, વળી બીજી વખત. હાલ તો એના હાથપગ પેલી ખડક સાથે બાંધો-એવા બાંધો કે સ્હેજ હાલે નહિં."

માણસો તરતજ તાબે થયા, અને ગોડેના પીસ્તોલ સહિત ઘોડાપરથી ઉતર્યો. નેડ તેની જગ્યાએ ઉભો રહયો અને તેની સામે બહાદુરીથી જોયા કીધું. જરાક આગલ વધીને તે નારતીક તેની સામે નેમ કીધી, અને એક પછી એક બે ત્રણવાર તેને પોતાની નેમ ખસાડી તેને પજવ્યા કીધો. પણ નેડ ધાસ્તીની સ્હેજ પણ નીસાની બતાવ્યા વના બ્હાદુરીથી ઉભો રહયો. આખરે એક બાર કીધો, અને તે કમનસીબ નેડના જમણાં ખભાનાં માંસવાલા ભાગમાંથી ગોલી આરપાર ચાલી ગઈ.

"એક!" બીજો બાર કરવાની તઇયારી કરતાં ગોડેનાએ કહ્યું "હવે તારૂં બીજું ખભું ભાજુંછું."

પાછો બીજો બાર કીધો અને બીજુ ખભું ભાંજી નાંખ્યું.

"ઓ કાળા મો'ના નિચ કુત્રા!" નેડે બુમ પાડી "મારી તરફના જરાક પણ કાલાવાલાની આશા રાખતો હોય તો તું ભુલ કરે છે. ચલાવ જંગલી, તારૂં દુષ્ટ કરમ તું પુરૂં કર."

ગોડેનાએ રાક્ષસની પેઠે દાંત પીસીને પોતાના એકાદ માણસના હાથમાંથી બીજી બે પીસ્તોલ લીધી. હવે તેને જુવાન નેડનો હાથ ભાંજવાના ઈરાદાથી એક બંદુક ફોડી, પણ આ વખતે તે પોતાની નેમ ચુકયો.

ચોથી બંદુક ફુટી, અને નેડ સ્હેજ ચોંકયો, કારણકે તેનો ડાબો હાથ ભાંગી ગયો હતો. ગોડેના ઘણોજ ગુસ્સે થયો, કારણકે તે જુવાન બહાદુર નેડપર આટલો જુલમ કરવા છતાં તેની તરફથી કાલાવાલા યા સ્હેજ ચીચયારી વટીક સાંભલી નહિં. ફરી એકવાર સંભાલથી બંદુક ભરીને તે નેડની આગલ આવ્યો, અને તે બંદુકના મો' વડે તેના કપાલથી તે પગ સુધી અને અંતઃકરણનો સઘળો નાજુક ભાગ તપાસી જોયો, પણ નેડે જરા સું કે ચાં કીધી નહિં.

"ઓ બ્હીકન કુત્રા! શા માટે તું છેડો લાવતો નથી?" નેડે બુમ પાડી.

"અરે હુંજ તને મારી નાખીશ" એક પગલું પાછલ હઠી ગોડનાએ જવાબ દીધો. "જોયું ! આ પ્રમાણે મેન્યુઅલ ગોડના પોતાનું વેર લેછે."

તે કમનસીબ નેડના અંતઃકરણની બરાબર સામેજ પીસ્તોલ રાખી, અને તેનો ઘોડા ખેંચવાની તઇઆરીમાંજ હતો, એટલામાં એક 'રાઇફલ' પાસેની બાજુએથી તેઓપર ફુટી, અને મેન્યુલ ગોડનાનું અંતઃકરણ આરપાર વીધ્યું, અને તે મુએલો જમીનપર પટકાઇ પડ્યો.

તેજ વખતે એક ટુંકીબંધ હથ્યારબંધો તે લુટારાઓ આસપાસ પોંહચી વલ્યા, અને સઘળાઓને પુરેપુરા ઠરી રહ્યા પછી નેડ જે ઘણું લોહી જવાના સબબથી 'ફેન્ટ' મારી ગયો હતો તેને ભાન આવ્યું અને ત્યારેજ તેને જાણ્યું કે તેને લીલી ઘાસ વાલી જગ્યામાં લઇ જવામાં આવ્યોછે અને આઇસોલાના ગુંટણપર તેનું માથું ટેકવ્યુંછે.

"કંઈ ફીકર ના રાખ" તેણીએ નરમાસથી કહ્યું "હું તને ચાહુંછું."

નેડ વીલ્સટન વખત જતાં પોતાના જખમથી સાજો થયો, પણ વેસપરમાં હંકરાઇ જવા જેટલો જોરાવર થયો નો'હતો. ખરેખર પછી તેને ચીલી છોડયું નહિં, અને હમણા તે એક પૈસાદાર ખલાસી છે, અને આઇસોલાજ તેની ધણીઆણી થઇ છે.

નસીબનો પાસો.

તે એક કકડતી થંડી રાત હતી—જો હું ભુલતો નહિં હોઉં તો તે ૧૮૭૯ના ડીસેમબરની નવમી તારીખ હતી.

ડેન કાસ્ટર, એક કરૂણાજનક પાર્ટ ભજવનાર, આજે રાત્રે રોયલ થીએટરમાં જવા નીકળવાની તૈયારીમાં હતો. ઘણોજ સરસ અને ચાલાક એકટર તે ગણાતો હતો. અસલથીજ તે ઘણો હોંશીયાર હતો, અને તેને એક સુંદર શરમાલ અને મળતાવડા સ્વભાવની સ્ત્રી હતી, કે જેણી સાથ તે એક સુખવાસી ઘરમાં, મજાહ મારતો હતો.

તે કંપનીના મેનેજર સાથે થીએટરમાં જતાં રસ્તામાં, એક રાત્રે તે બોલ્યો કેઃ—

"હું એક ખરેજ સુખીઓ માણસ છું—કેવો તંદુરસ્ત, કેવી સુંદર બાયડી, સુખવાસી ઘર! આહા, તમેજ વીચાર કરો કે મારી લુઈને દરરોજ એકલી મુકી આવવામાં કેટલો ભય છે, છતાં હું મારી નોકરીમાં હાજર રહું છું તે જાણી આપ અજબ થશો."

તે ખરેખર પોતાના અંતરથી બોલયો, કારણકે ખચિત ડેન પોતાની બાયડીને ઘણાજ હેતથી ચાહતો હતો.

આપણી વારતાના શુરૂઆતને ત્રણ વરસ અગાઉ ડેન કાસ્ટર ને આયર્લાંડની થીએટરમાં જતાં રસ્તામાં મીસ લુઈ કેસ્ટલમેન નામે એક શરાફની છોકરી મળી. પેહલેજ દેખાવે તેઓના મનમાં એકએક વિષે પ્યાર થયો, અને પછી ફક્ત એકજ અઠવાડીયામાં તો તેણી સાથ તે પરણી ગયો. તેણીના માબાપ જેઓ ઘણું તવંગર હતાં અને બીચારા થોડુંકપરજ તાવની બીમારીથી સ્વર્ગે સીધાવ્યાં હતાં તેઓ તેણી માટે એક સુંદર ઘર ઉપરાંત ઘીજી દોલત રાખી ગયાં હતાં, કે જે સઘળાનાં આ નસીબદાર ધણી-ધણીઆણી ઇશ્વર ઈચ્છાથી માલેક થઇ આનંદમાં નીર્ગમન કરતાં હતાં.

એક રાત્રે, તેણીની આગ્ના લઈ જતાં જતાં તેને મશ્કરીમાં પુછયુંઃ—"લુઈ, ધાર, કે કદાચ ઇશ્વર ઇચ્છાએ કાંઇ મારા ઉપર આવી પડે, તો પછી મારાં ઉમર. તારી અને આપણીની કોણ સંભાળ લે વારૂ?"

"અરે જાઓ, જાઓ, ઈશ્વર તુમને સહાય થાય,—તમને કાંઈ થાશે પણ નહિ" તે કોમળ કાન્તીની સુંદરીએ પોતાના ભરથારના

મોંપર માયાથી હાથ ફેરવી, એક બેમાલમ આંસુ ખેરવી કાંઈક હંકારૂપે કહ્યું. "ખબરદાર, એમ બોલ્યા તો?! ઇશ્વર તમને સલામત રાખે. રાત્રે વેહલા ઘેર આવજો" અને એમ કહી તેના કપાળપર તેણીએ એક કીસ લીધી.

તેણીએ ઠંડી અને બરફને લીધે તેના જવા બાદ તરત બારણું બંધ કીધાં, અને જેને તે ઘણી ચાહતી હતી તેની સલામતી અને તેઓના સુખને માટે તેણીએ બલતણ આગળ ગુંટણીએ પડી એકચીત્તે ઈશ્વરની ભકતી કરી.

ડીસેમબર મહીનામાંજ- એટલે કે જે વર્ષની આપણે વાર્તા કરીએ છીએ ત્યારે તે મોહટાં શેહેરમાં મંદવાડ ઘણોજ ચાલતો હતો; અને લુઇ, કે જે બીચારી કાંઈ તેવી શરીરે જોરાવરબી હતી નહિં તેણીની તંદુરસ્તી કાંઈક બીગડવા લાગી. તેણી કાંઇ તે વિષે મોંહથી બોલતી નહિં, પણ તેણીના ગાલપરનો રતાસ ધીમે ધીમે ઝાંખો થતો ગયો, આંખોમાં પણ ખાડા પડ્યા, અને તેણી ઉજળી ફક્ક થતી ચાલી.

ડેન તેણીને ઘણી નારાજીથી છોડી તે રાત્રે પોતાનો પાર્ટ ભજવવા જતો હતો; એમ કરતાં તેને એકલી છોડી જવા હવે તો મુદ્દલ ગમયું નહિં. આજે રાત્રે તેને ખાસ જવાનુંજ હતું, પણ પછી એક આયાને તેણીની સંભાલ માટે મુકી, અને ડાકટર પાસે પણ તેણીની પાસેનું પાસે રેહેવાનું વચન મેલવી સઘળી ગોઠવણ કરી તે થીએટરમાં જવા ઉતાવળો થયો.

તે રાત્રે તેને પોતાનો પાર્ટ શરૂ કીધો અને સંતોષકારક રીતે ભજવ્યો પણ ખરો. પણ શું? તેનું સઘળું અંતઃકરણ, તેન સઘળા વિચાર બસ લુઈમાંજ હતાં.

જેવો પોતાનો પાર્ટ પુરો થયો કે, ભાગ્યે પોતાના મોંહપરનો ચીકણો રંગબી સાફ કીધો નહિં કીધો કે પોતાની પ્રીયા આગળ ઘેર ધસ્યો આવ્યો.

"કેમ, ડાકટર, શું તેણી સારી પેઠે નથી? લુઇ, બોલ તો કલેજા; તુને કાંઇ ફેર લાગેચ ખરો?"

તેણીએ કાંઇ જવાબ દીધો નહિં, પણ જેવો તેને તેણીને ઉઠાડવા માટે હાથનો ટેકો દીધો કે પોતાના નાજુક સફેદ હાથે તેને ગળે વળગી પડી.

તે ત્રીજી રાત હતી. ડાન કારટર પોતાની આજારી બાયડીના ચેહેરાપર વાંકો વળ્યો, અને તેણીના કપાળપર પોતાનો હાથ મુકયો.

ધીમેથી તેણીએ પોતાની કાળી આંખ ઉઘાડી, જેમાં તેણીને આટલાં દુઃખ અને ચીંતા છતાં તેને માટે એટલો પુર્ણ પ્રેમ દેખાતો હતો કે બલકે મોતબી જો આવ્યું હતે તો તેણી તેના તરફનું હેત-ચાહા વીસારી શકતે નહિ. સેહેજ મલકાવું તેણીના હોઠપર હતું; તેણી એટલો તો લાંબો વખત સુધી તેણીને ગળે વળગી રહી હતી કે કદાચ થીએટરમાં જવાને જો મોડું થાત તો ડેનને ગમે તે પ્રકારેથી તેનીના હાથ છોડવી જવું પડતે.

તે નરમ હાથોથી છુટો થઇ તેને શું નફો મેલવ્યો તે તો ઇશ્વર માત્ર જાણે છે!

તે થીએટર આગળ આવી લાગ્યો: દુખથી તેને બારણું ખોલ્યું અને ડ્રેસ રૂમમાં જઇ પોતાના પાર્ટ માટે તૈયાર થવા મંડયો.

સ્ટેજ મેનેજરે ઘાડા અવાજથી પેહલાજ પ્રવેસ વખતે તેને બોલાવ્યો, અને કારટરે ઉંડા, સ્પષ્ટ નીસાસા સાથે સ્ટેજપર દેખાવ દીધો. તેને ધીમેથી પોતાનું બોલવું શરૂ કીધું. ધીમે ધીમે તેને મોટેથી બોલવા માંડ્યું, તેનો ચેહેરો તેજસ્વિ થયો, દીલગીરી દુર થઈ; બૈરી છોકરાં વીસર્યો, એક કલાક અગાઉનું દુઃખ ભુલી ગયો, દુન્યા પણ ભુલ્યો! તેના ઓતાજન સામે તે ડાન કારટર ન-હોતો, પણ એક જીવતાં દમ લેતાં બોલતાં પુતળાં માફક ઉભો હતો.

અરે, પણ જયારે તેને છેલ્લું બોલવું પુરૂં કીધું કે તેના બોલવાનો પ્રતિ શબ્દ થયો. પડદો પડયો, અને લોકોના વાહવાહના પોકારો સાથેજ તે એક કોચપર બેસી પડયો. તેને પોતાના હાથ વડે પોતાનું મોંહ ઢાંકયું, અને પોતાનો મનોવિકાર અતીશે દબાણ સાથે ખાલી કીધો.

તરતજ તેને કોઈએ હોસ્યાર કીધો અને કહ્યું:—

"કારટર, બહાર તમને કોઇ બોલાવે છે."

તે તરતજ ઉઠી ઊભો થયો--શું છે તે તે સમજી ગયો.

"શું છે! બોલ જલદી!" તેને ચાકરને અધિરતાથી પુછ્યું, "કેમ, બાઈ કેમ છે?"

નોકરે ધીમે સાદે દીલગીરીથી કહ્યું:—

"સાહેબ, મરવાની તૈયારીમાં છે."

"અરે!"

કારટરે પોતાને કપાળે હાથ કુટયા, લથડયાં ખાધાં, એક દેવાલ હટેલી બેરો.

"જા—જા તેણીને—કહે કે—હું આવુંચા" તેને દુખથી ધીમે સાદે કહ્યું.

હવે નોકર બારણા દઇ જલ્દીથી ગયો કે માથે હાથ મુકી તે એક ખુરસીપર બેસી પડયો.

"પ્રવેશ બીજો" સ્ટેજ મેનેજર બોલ્યો. "કારટર ક્યાંછે?"

તેને ઉંચુ જોયું, અને તે માણસ સામે એકી ટગરે જોઇ ધ્યાનસ્થપણે બોલ્યો:

"જા, તેણીને કેહ કે હું આવું છું."

તે સ્ટેજપર આવ્યો અને એક મીનીટ સુધી તેની સામે હાલ્યા ચાલ્યાં વના ઉભો રહી જોયા કીધું શું તે કારટર હતો? શું તે કારટરથઈ શકશે? તે દસ વર્ષ જેવડો દેખાતો હતો. તેની અંગસ્થિતિ પ્રમાણે જે ભાગ તે બજવતો હતો તેમાં તેનું બોલવું બરાબર નોહતું. શું તે પોતાનો પાટે વીસરી ગયો હતો?

એક બુંગ બાજનાર તેની મદદ માટે પડદા આગળ છુપાઈ ઊભો પણ કારટરે તેનું કાંઇ કેહવું સાંભળ્યુ નહિ.

"એ શું થયું?" જોનારાઓએ આગળ અને પાછળથી પુછ્યું, કારણકે હાલ તેના વિચારો અને બોલવું બીલકુલ જુદાં હતાં.

"કારટર! એ શું થયું? યુ બેવકુફ! ગધેડો!"

આ છેલ્લા મેનેજરનો અપમાનભર્યો શબ્દ તેને સાંભળ્યો, તેનું આખું શરીર અગ્નિથી ભરાઈ ગયું. તે અસલના રોમન સમશેરબાજો કરતાં પણ હીમ્મત અને મગરૂરીથી તેના મેનેજરપર ફુરકતી આંખે ધસ્યો; તે એક બોલ પણ બોલ્યો નહિં. પણ તરતજ તેના તંતુઓ ઢીલા થયા, તેને પોતાનું માથું કુટસું, આમતેમ એકાગ્રહ દ્રષ્ટીએ જોયું, અને એક મોટી હાય સાથે જમીનપર બેભાન પડયો.

મેનેજરે અને આસીસ્ટંટે તેને ઉંચકયો અને ઉભો કીધો. જોનારાઓએ ઠઠ્ઠા મશ્કેરી કરી તેની આવી ચાલ માટે તુચ્છકારયો અને તેની ખરાબ વર્તણુંક સામે પોતાની નાખુશી દેખાડી.

કારટરે પોતાનો હાથ ઊંચો કરી કહ્યું કે:—

"હું—આ—આવુંછ--મારે ખાતર તેણીને થોભવા કહો"

તેઓ સ્ટેજપરથી અને નાટકશાળામાંથી તેને બેભાન હાલતે લઇ ગયા. તે રાતે તો તે બેભાનજ પડયો રહ્યો કે જ્યારે લુઈ તો બીચારી ડેનનું નામ હોઠપર પોકારતાંજ શાંતપણે સ્વધામ પોહચી.

દહાડાઓ અને અઠવાડીયાંઓ સુધી કારટર તેમ બીચારો જીંદગીથી રદ થયો. આખું લંડન શેહેર સઘળાં મૉર્નીંગ પેપરોમાં કારટરનો દુખિત હેવાલ વાંચી દલગીર થયું. જોનારાઓએ તેની દીલગીરી વખતે નાટકશાળામાં જે તુચ્છકાર કરી તેને ધીકકારયો હતો, તેઓ તે વખત પછીના એક કલાકમાંજ તેનો કાંઈક હેવાલ જાણી દીલગીરી અને પશ્ચાતાપમાં ગરકાવ થયા અને તેને અંતઃકરણથી આશિષ દેવા લાગ્યા.

અઠવાડીયાંઓ પસાર થયાં, અને આપણો ડાન એક્ટર પાછો જોરાવર થયો. તેની બૈરીના મો'તની વાત તેને કેહવામાં આવી. તેને તે સાંભળી, અને હજી તે તેણીની ખોટ પુરેપુરી વીસરી શક્યો નહીં.

તેને પોતાના નહાના બાળક માટે પુછયું અને તેની આગળ તેના બાળકને લાવવામાં આવ્યો ત્યારે તેને પોતાના પાસામાં ચાંપ્યો, અને પાછો પેટ ભરતું રડયો. થોડા દીવસ પછી, તેને પોતાના છોકરાને એક બાયડીની સંભાળમાં સોંપ્યો, અને તેને પોતાની સઘળી પુંજી આપીને, પોતાના દીલોજાન દોસ્તોને વ-ટીક મલ્યા વગર તે લન્ડન છોડી ગયો, અને પછી તેનો દુન્યાંમાંથી કેથો પત્તો લાગો નહિં.

* * * * * *

લગભગ પંદર વર્ષ પસાર થયાં હતાં. આસ્ત્રેલીઆનાં નાના ગામડાંની એક નાહની નાટકશાળામાં એક રાત્રે પડદો ઉપડયો, અને સેંકડો જોનારાઓ કે જેમાં ઘણો ભાગ તો ખલાશીઓ અને ભરવાડોનોજ હતો તેઓએ ગેહરી નજરે સ્ટેજપર જોયું.

ખેલ સારો હતો, અને એક્ટરો પણ સારા કેળવાયલા હતા. એક ઉંચો ખુબસુરત માણસ—કે જેના કરમમાં બેમાલમ કાંહાંણી લખેલી હતી, તે અગત કરીને આ ખેલ જોવામાં વિશેષ ધ્યાન આપતો હતો.

જેવા એક જુવાન તારાએ સ્ટેજપર દેખાવ દીધો કે વાહ-વાહના પોકારસાથેજ તેને જોનારાઓએ વધાવી લીધો.

જોનારાઓ, જેઓ એક પલપર ખેલ જોવામાંજ રોકાયા હતા તેઓ તે છોકરાને હવે વધારે ધ્યાનથી જોવા લાગ્યા. જેવો તે આતુર ચેહેરે વાંકો વળ્યો ત્યારે તેના ચેહેરાપરનો રંગજ નોહતો, જયારે પેલો સખસ પોતાની બેઠકપરથી અડધો ઉઠયો—ત્યારે તે જુવાન એક્ટરે તેનીજ સામે જોયા કીધું—જે વાક્ય તે બોલતો હતો તે એક પલ સુધી તેના હોઠપરજ રહ્યું, પછી તે બોલતો બંધ થયો. કારણકે એક પલ સુધી તેઓ એકેક સામે જોતાજ રહ્યા, પછી:—

"બાપ!"

"મારો દીકરો!"

તે મોટો માણસ પોતાની બેઠકપરથી કુદી પડયો. પંદર વર્ષ પછી એક એકનો અચીંતો મેલાપ!

"ડેન! મારા દીકરા"

કારટરે પોતાના દીકરાને પાસામાં લઇ પોતાની છાતી ખાથી ભીડી.

"પપા! મેં તમને ઓળખ્યા!"

તે બુઢ્ઢા એક્ટરે પોતાનાં છોકરાને છુટો કીધો, અને કહ્યું:—

"મારા નાહના બુઇ—નકરો તેણીનોજ ચેહેરો, આબાદ તેજ આંખ!" અને એમ કહી પાછો ગલે વળગાડયો.

સઘળા જોનારાઓની આંખમાં પાણી આવ્યાં, આનંદ આનંદનો પોકાર આખી નાટકશાળામાં વ્યાપી રહયો.

જેને તે ચાહતો હતો તેની સાથ એકવાર આંખ મલવાથી, તેનો માનસખ ખવાસ અને ઉત્સાહ તેને હૈયે ચઢી આવ્યાં. કારટર જે જીવતો છતાં પંદર વર્ષ સુધી દુનીઆમાં મુએલા જેવોજ હતો; તે-પોતાના છોકરાને, તેની જીંદગી, તેના અહંકાર-કે જેને તેને એકવાર ચાહયા હતાં અને આજે તે સર્વે પાછાં આવી મલવાથી વીશેષ ચાહેછે તે સાથે પોતાની રાજધાનીની નાટકરૂપી રંગભૂમી પર આજે પાછો દેખાય છે.

પ્યારની કાહાંણી.

"મારી દીકરી, તું કહેચ તેમ કદી બનશે નહિં. રાલ્ફ મીલર જેવા એક માણસ જોડે પરણવા કરતાં તુને હું મુએલી જોઊં તો વધારે સારૂં."

તે ભલા ખ્રીસ્તી દેવકે આમ બોલી અફસોસ કીધો અને પોતાની હઠીલી છોકરીને શી રીતે સમજાવવી તેના મુઝવણમાં પડયો.

ઘણાં વર્ષો સુધી તેને ઘણા ખરા શેહેરોમાં પોતાની આસપાસના મેલાવડામાં મલેલા માણુસો અને સ્ત્રીઓ વટીક આગળ ભાષણો કરી તેઓને બોધો આપેલા તેવાજ એક સખસને પોતાનેજ ઘેર આમ બને એ વીચારેજ તેના મનમાં મોટી શંકાથઇ.

જેની જોનસેન કાંઇ સારી છોકરી નહિં તેમ કાંઇ ઘરસંસારમાં પણ ખબરદાર નહોતી, કારણકે તેની મા મરી ગયા પછીની બે વર્ષ સુધી તેના બાપના હસ્તકમાંજ રહી હતી. પણ તેટલામાં **જોનસન**ની બ્હેન વીધવા થઇ અને તેની સાથે રેહવાની રજા માંગી જે ખુશી સાથે આપવામાં આવી, કારણકે **જેનો** તે વખતે એટલો તો નાદાન હતી કે ઘર ખટલો ચલાવવાને છેક અણસમજુ હતી અને તેથી પોતાની ફુઇ **મારથાના** આવવાથી તેણીને પણ કાંઇક સુખ થયું.

તેથી **જેની** સભાઓમાં અને દેવલોમાં પરીની માફક ગાવા અને આરગીનો વજાડવા લાગી, અને દરેક સભાના જુવાનીઆઓની સાદી મોજ શોખનું જાણે તેણીજ મુળ હતી. એટલામાં **રાલ્ફ મીલર** નામનો એક જુવાન તે શેહેરમાં આવ્યો. તે તેણી સાથે પ્યારમાં પડયો, અને તે ગરીબ છોડી, તેના એકજ વારના દમામદાર દેખાવના દોળઘાલુ ચેહેરાપર અંજાઇ ગઇ. તે પોતે એક ઘણાજ ઉંચા કુલનો સાથે મોટો વેપારીછે એમ ડોળ ઘાલ્યું, પણ તે અનુભવી બુઢ્ઢા સખસે પેહેલજ દેખાવે તેને પીછાની લીધો અને વ્યસની હોવા સાથે તેનામાં બીજા પણ દુરગુણો દીઠાં.

મી. **જોનસને** પેહેલેથીજ **જેની** સાથના વેહેવારથી તેને અટકાવ્યો. જ્યારે દરેક સખસને મનસે તે કોડીકામનો હતો તેવા એક સખસને તે છોડી શા સારૂં વળગી રહી હશે?

જેની પણ સોના જેવીજ હતી. જેમ જેમ તેની સહીઓ તેના દેખાવડા **રાલ્ફને** તજી દેવા ચેતાવે તેમ તેમ તેણી વધારે ને વધારે તેને બાઝી રેહતી. આખરે તેને તેણીના હાથની માંગણી કીધી. મી. જોનસન અગરજો ઘણોજ ઉદાસ હતો, તેને કાંઈ એકદમ હા પાડી નહિં. તેને જવાબ આપવા પેહેલાં આખા ગામમાં તેને વિષે ખોળ ચલાવી.

તે ધારતો હતો તેવીજ રીતે હતો એટલુંજ નહિં પણ—છાકટો, નીરઊદ્યોગી, જુગારી અને કોડી કામનો હતો.

તેને ઘેર આવી જેનીને ખરી હકીકત જાહેર કરી તેવા એક સખસ જોડે સદાની સબડવા માટે ચેતાવી તેની માંગણીનો ઈનકાર કરવા કહ્યું.

જેવો તે આ હકીકત બોલી રહયો-અને જે બોલવા સાથેજ આપણી વાર્તા પણ ખુલે છે, ત્યારે તે ત્યાંથી જતો રહી પોતાના ઓરડામાં જઈ આવતા રવીવારના ઉપદેશ માટે દુખી દીલે તૈયાર કરવા બેઠો. **જેની** તેની ત્રણ સુંદર છોડીમાંથી એકલી જીવતા પામી હતી—અને જો કદાચ તેણીની જીંદગીને કાંઈ હાંણી પોંહચે તો તે બુઢ્ઢાને તેણીનો ઘણો સખત ફટકો લાગે.

તેની ફુઇ **મારથાએ**, તેના બાપ સામે જવાબ દેવાની હલકાઇ માટે તેણીને ઠપકો દીધો, અને પછી પટાવવા માડી.

"**જેની**, દીકરી," તેણીએ કહ્યું "તારો બાપ ખરૂં કહેચ એક છાકટા સખસની બાઇડી થવા કરતાં મરવું બેહેતર છે.'

"તેવન **રાલ્ફપર** જુઠું બોલે છે!" **જેનીએ** જુસ્સાથી કહ્યું.

"તેવન જુઠું બોલે એ મનાયજ કેમ!" તેની ફુઈ **માર-થાએ** કહ્યું, "જુઠું બોલે પણ તારા તો ફાયદાને માટે છે કેની?"

" ફુઈ **મારથા**, હું કાંઈ શાંભળવા માંગતીજ નથી!" ગુસ્સાથીઉઠી ઓરડો છોડી જતાં બોલી, જયારે તેની ફુઈ મારથાએ અફસોસ કીધો અને મનસે બોલી કે:—"અરે! ઈશ્વર કોન જાણે શું થશે એ છોકરીનું!"

પણ તેની ભલી ફુઈ મારથાને સ્વપને પણ ખબર નોહતી કે આગળ શું બનવાનું છે.

બીજી સહવારે હમેશની માફક તેણીને ઉઠાડવા માટે જ્યારે તેણીએ હાંક પાડી ત્યારે કાંઈ જવાબ આવ્યો નહિં, અને 'બ-

પોર સુધીમાંજ બધા ગામગાંવાત તો ઉડી કે **જેની જોનસન રાલ્ફ ઓલ્ફર** જોડે નીકળી ગઇ છે.

તેની પોતાના ઇસ્કોત્રીમાં એક ચીઠી મુકી ગઈ જેમાં લખ્યું હતું કે તેણીની સહીઓ તરફથી તેણીને પરણવાની સલાહ નહિં મલી છતાં તે વગર તેણી પરણુશે અને તેના બાપ તરફની નાતાબેદારી માટે તેમાં માફી માંગી હતી.

દીલગીરી અને ફીકરનો માર્યો તે બુઢ્ઢો તે શેહેરમાં તેઓની ભાળ મેળવવા ગયો. તેને તેઓ ખરેખર પરણ્યાછે એવી વાત સાંભળી, પણ તેઓ આ શેહેર છોડી ગયા હતાં.

તે ઘર આવ્યો, અને તેની બેન **મારથાએ** તેણીની ખોળ ચાલુ રાખવાના કાલાવાલા કીધા જેથી તેને મીજાસમાજ જવાબ દીધોઃ—"નહિં કાંઈ નહિં એને જરા રખડવા દેવો, લીલી સુકકી પડશે ત્યારે સમજશે. જો કદાચ તેની પોતાની ખુશીથી કોઇ દીવસ આવે તો તેણીને ખુબ ઠહરાવીને ઘરમાં લેવી. પણ જો નહિ આવી તો—**મારથા**, તેણીને લગતી દરેક ચીજ મારી નજર આગળથી દુર રાખી, તેણી વીષે એક બોલ પણ બોલી તો તુ જાણે."

તે પોતાના ઓરડામાં જતો રહયો અને તેની માયાલુ ફુઇ મારથાએ આંસુઓ વરસાવી તેના કેહવા મુજબ તાબે થઇ. તેના બાપના ઘરમાંથી **જેનીનું** નામ નાબુદ કરવામાં આવ્યું. પણ જેઓને ઘણીજ વ્હાલી હતી તેઓથી તો એક પલ પણ તેણી વીસરાઇ નહિ.

જો હઠીલી છોકરીઓ તેઓના ઘરના ચાહનારાઓ કેટલાં દુખી સાથે દીલગીર થશે એવો વીચાર કરવાને થોભતી હોય, તો ખચ્ચિત તેઓ કોઇ કોઇવાર જે નાશકારક જોખમ વેઠવા માથે લેછે તેવાં પગલાં કદી ભરે નહિ.

* * * *

ચાર વર્ષ વહી ગયાં હતાં. કે જે લાંબા વખતના અરસામાં કાંઈ **જેનીની** યાદ તેના સગાઓથી વીસરઇ નહિ અને બુઢ્ઢો **જોનસન** પણ પોતાના બચ્ચાંની યાદ લાવી મુઝાતો ગયો.

એક માર્ચ માસની ઠંડી સાંજે દેવળમાંથી આવી લુગડાં કાઢી પોતાના કસાયલા અવ્યવોને રાહત આપતો તે બેઠો હતો.

"આવી ઠંડીમાં આપણે તો રાત્રે પાછા નીકળવાનું માંડી વાહયેચ" અને એમ બોલી પોતે ગરમ કપડું ઓઢી બેઠો.

"હવા ઘણી ખરાબ છે, ખરૂં," તેની બેન **મારથાએ** કહ્યું. "અહીં ગરમ પાણી છે-એક 'કપ' ચાહ પીતા હોતો લાઉં?"

"નહિં, **મારથા**, આ સઘડીજ બસછે.! શું સખત ઠંડી છે!"

તે ભલા ઉપદેશકે એમ કહી તોફાની રાત અને કકડતી થં-ડીઓના પોતાને થએલા અનુભવનો વિચાર લાવી વળી મન સાથે બળાપો કીધો. પણ હજી તો પોતાના એજ વિચારમાં મસગુલ હતો તેટલાં દાદરપર કોઇના પગલાં સંભળાયાં અને એક ચાકરે ઓરડા-માં આવી કહ્યું "સાહેબ, ડાકટર બ્રાન્ડ તમને મલવા માગેછ."

"જા તમને ઉપર બોલાવી લાવ."

"હા, સાહેબ મેં કહ્યું પણ તેવન કહેચ કે હું ખોટી થાઉંચ."

"ખોટી થાયચ?" અને મી. નેલસન ઉઠીને નીચે મળવા ગયો.

"સાહેબજી, કાંય ડાકટરા આવો, આવો ઉપર આવો."

"નહિ, માફ કરો મીસ્તર, હમણા થોભવાનો વખત નથી. મેહેરબાની કરી જરા આપ ગ્રાન્ટ સ્ત્રીટ આગળના એક ઘરમાં બીજે મારે કોઈ ગરીબ બાઇ કેટલા કલાક થયાં ધપુંધપું કરી રહીછે તેની આગળ જરા ધરમના એક બે ફરમાન કહીસંભળાવો."

"તમે મને આગળનું કાં નહિં કેહવડાવ્યું?" તેને કહ્યું.

"મને પણ આજે પાછલા પોહરેજ ખબર થઇ. કેટલીક બૈરીઓએ મને તો એ વીગત કહી અને મેં તે ગરીબ બીચારીને માટે બનતું કર્યું છે"

"ઠીક ત્યારે હું અત્તર ઘડી આ બુટ અને કોટ પેહરી ચા લ્યો." જોનસને જવાબ દીધો અને જરાક પણ આનાકાની વગર ગમે એવી ઠંડીમા પણ તેને જવાની હીમ્મત કીધી.

"ઠીક ત્યારે, સાહેબજી" એમ કહી ડાકટર બ્રાન્ડ ચાલતો થયો અને મી. જોનસને ઉપર આવી મારથા આગળ વાત કરી બુટ અને કોટ પેહરી ચાલ પકડી.

નસીબ સંજોગે તે થોડેક ચાલ્યો ત્યાંજ આગલ તે ઘેર હતું, જેમાં ગરીબ નાચારો બચારા ગરીબ ગુંજાસે રહેતા હતા. ત્યાના આગળા દરવાજા આગળજ કોઇ કપડે લત્તે કંગાલ હાલતની બાઇ પોતાના હાથમાં કાંઇ દારૂના જેવું વાસ મારતું વાસન લઇને જતી હતી તેને બોલાવીને પુછ્યુ કે "આય ઘરમાં કોણ સીક છે અને તેક્યાં આગળ છે ?"

તેના જવાબમાં તે બૈરીએ કહયું કે "આજે પાછલા પોહરે કોઈ બાયડીને બેભાન હાલતમાં લાવવામાં આવી'તી ખરી. કહેચ કે તે મોહલ્લામાં ફુટી પડેલી મલી આવી અને તેઓ તેને લાવ્યા હતા. એ સીવાય તો કોઈ અત્રે બીજું સીક નથી. શું તમે ધર્મો-પદેશક છો ?"

"હા. કયા ઓરડામાં જવું તે મેહરબાની કરી કેહશો ?"

"પેહલાં તમે આય દાદરેથી ચહડો અને પછી ડાબી બાજુ-એ ફરી જજો અને પેહલાજ રૂમમાં જશો તો તમને માલમ પડશે."

"વારૂ, તમારો મોટો ઉપકાર થયો."

તે ભાગા ડોળરા જેવા થઇ રહેલા દાદરપર સંભાલથી પગ ગોઠવતો ગોઠવતો ચહડયો અને પછી ડાબી તરફના પેહલાજ ઓરડામાં ગયો, કે જ્યાં અંધારૂં તો એટલું બધું હતું કે પોતે લાવેલી મીનબત્તીઓ સળગાવી ચારે બાજુએ મુકી, અને હવે તેને થડી અને ગલીચી હવાથી ભરેલી ઓરડીના ખુણામાં એક કંગાલ જેવાં બીછાના પર એક આકાર પડેલો દીઠો. તે બીછાના પાસે જઇ તેને નરમ સાદે પુછયું: "કેમ છેઓ મારી બલી–"

જયારે એના જવાબમાં તેણે નરમાસ ભર્યા જવાબની આશા રાખી હતી તેને બદલે એક દયામણો સાદ "બાપ!" એવો એક બોલ સાંભળ્યો ત્યારે તે કેવો અજાયબ થયો હશે?

મી૦ જોનસને આ બોલ સાંભલતાંજ ઝડપથી ટેબલપરથી મીનલાઈટ લઈ તે આકારને વધારે ધ્યાનથી જોયો તો ઊંજના ફીક સાથે સોહરાઇ ગળાઇ ગયેલો ચેહરો દીઠો.

એક મીનીટ વધારે ધ્યાનથી જોઈ તેને બત્તી ટેબલપર મુકી અને પછી મોટેથી આસ્થાવાળાં હૈડે બોલી ઉઠયો "હે ઈશ્વર! હું તારો ઉપકાર માનું છું! આખર! આખર!" એમ કહી તે કંગાલ બીછાનાની સોડમાંજ ઘુંટણીએ પડયો, અને રડયો.

પણ તરતજ તે સઘળું પડતું મુકી પોતે શું કામે આવ્યો હતો તેનો વિચાર આવતાંજ તેને પ્રથમ ટેબલ પરથી પાણીનું ગ્લાસ લઇ તેણીના હોઠ આગળ ધર્યું અને પછી તેણીએ આંખ ઉઘાડી જોયું ત્યાં વેર તેનીના મોંહપર પાણીની છાલક મારયા કીધી.

"કેમ દીકરી જેની, હવે તને ફેર લાગેચ ખરો કે?"

"હા, પપા," તેણીએ દુર્બળ અવાજે જવાબ દીધો "તમને કેમ ખબર પડી-શી રીતે આવ્યા?"

"ડાકટર બ્રાન્ડ મને બોલાવા આવ્યા હતા," મી૦ જોનસને શાંતપણે જવાબ દીધો. "હવે દીકરી તને આપણે જલદી ઘેર લઈ જેશું."

"હું–હું આવતી હતી," તે દુખ્યારી છોકરીએ ખેંચાતે દમે વાત કીધી "તેટલાં હું રસ્તામાં પડી ગઈ."

"હા, હું જાણુંચ, અને તેઓ તને અત્રે ઊપાડી લાવ્યા," તે ઉપદેશક જાણતો હતો તે મુજબ કહયું, "પણ કાંઈ ફીકર નહિં આપણે હમણા ઘેર જઈએચ તો."

"પણ–પપા–તમને ખબર છે--કે હું કહું–"

"હમણા નહિ, દીકરી.–તારો ભરથાર તો સલામત છેની?"

"તે તો પાપા સ્વધામ પોંહચી ગયો છે."

"ત્યારે તો જેની હમણા તું એક પણ શબ્દ બોલવો માંડી-વાળ. હવે તારે જેમ તેમ કરીને સારા થવું છે. અમને પછી કેહજે. હું એક પા કલાકમાં તારે માટે ઓરડો તૈયાર કરાવી આવી તને તેડી જઇશ"

"વારૂં પપા; પણ હું હવે સાજી થાઉ એમ લાગતું નથી!"

"તેતો દીકરા; જેવી ઈશ્વર ઇચ્છા."

"તેવાંકો વળયો અને પછી પોતાના બચ્ચાને એક માયાશી ઓકી કરી અને પછી જેવી રીતે તે કંગાલ ઓરડીમાં દાખલ થવા પામ્યો હતો તેવીજ રીતે તે પાછો ફરયો, જયારે દરવાજા આગળ કોઇ ઉભેલી બાઇને તે સીક છોકરીના બીછાના આગળ તે પાછો ફરે તેટલા સુધી ત્યાં રેહવાને કહી, તે ઉતાવળે પોતાની બેહન મારથાને આ સમાચાર કેહવા અને તેણી માટે સ્વચ્છ ઓરડો અને બીછાણું તૈયાર રાખવા કેહવા ગયો.

મારથા આ સમાચાર સાંભળી ખુશી અને અજબ થઇ, અને જેવો જોનસન જેનીને માટે ગાડી લઇ તેડી આણવા ગયો તેટલાં તેણીએ તે ઓરડામાં સાફ સુફ કરી સઘળેથી બંધ કરી એક સઘડી સલગાવી, તેનું બીછાનું વીગેરે ગરમીવાલુ કરી રાખ્યું. ખરી રીતે જોતાં તે લુચ્ચી છોકરીને આવકાર અને દીલાસો મળે એવીજ સઘળી ચીજની ગોઠવણ કરી રાખી હતી.

એક કલાકમાં તો જેનીનો ગળાઈ ગયલો આકાર તેના સુરટી બચપણમાં સ્વપન જોયલા નરમ બીછાના પર પડયો અને ડખકા બ્રાન્ડ પણ અજબ થતો તેની પાસેજ બેઠો હતો. તે એકવારની ખુબસુરત જેનીને આવી દુર્બળ સાથે કંગાળ લેબાસમાં એકદમ પીછાની શકયો નોહતો. અને તે ઉપદેશકને તેડવા જતી વખત તેની પોતાનીજ છોકરીને માટે તેડવા જાયછે એવી પણ તેને મુદલ ખબર નોહતી.

થોડાજ વખતમાં તેઓએ ગરીબ જેનીની કાંહાણી સાંભળી, અને જે ભરથારને તેણી નીમકહલાલીથી વળગી રહી હતી તે તેણીને કેટલા થોડા વખતમાં દુરવ્યસની હોવા સાથે મરતાં સુધી કેટલો ઘાટકી રીતે વર્તયો હતો તે સઘળી વીગત સાથે તેની માફી માંગવા આવતાં પેહલાં તેની બેભાન થઈ હતી.

સ્ટેસન છોડી તેણી એકલી-કોઇના સાથ વગર ઘર આવતાંજ રસ્તામાં પડી ગઇ અને તેના બાપના અવાજ સાંભળ્યા પેહલાંનું તેણીને બીલકુલ ભાન નોહતું.

એ સઘળી પ્યારની કાંહાંણી હતી તે હવે પુરી થઈ.

થોડા વખતમાં તે જુના સુખી ઘરમાં વ્હાલાંઓમાં વીટળાઈ, પ્રથમની માફક તેની સુખમાં રેહવા લાગી.

દુઃખનો છેડો સુખ,

યાને

કર ને જો.

ઓચગ્રોવ નામના એક પ્રખ્યાત પણ શાંત ગામડામાં સાંઝજ પોતાના પુર બ્હારમાં પ્રકાશી રહી હતી. શીઆળાની કકરતી ઠંડી સાથનો પવન એટલો તો જોસથી વાતો હતો કે ઝાડોપરના પાંદડાઓ પણ ખરી પડતાં અને ખેતરો અને રસ્તાઓ જે થોડા વખતપર રળીઆમણા દેખાતા હતા તે સઘળાઓપર જાણે ઉનાળાની ધુલ ફરી વળી હતી. જોકે એવે વખતે કોઈપણ માણસ ઘરની બાહાર રહે એ બનવા જોગ નોહતું, છતાં ચાર્લસ નામનો એક જુવાન સખસ પોતાની મોહરદારના ઘરના આંગણાં આગળની એક અંધારી ગલીમાં ગાણપર હાથ મુકી તેણીના આવવાની રાહ જોતો આમ તેમ ફરતો હતો. ઘણો વખત જવા છતાં કોઈ નહિં આવવાથી તેનો રહેજ મીજાસ ગયો, અને જેની આતુરતાથી રાહ જોતો હતો તેને માટે તે બબડવા લાગ્યો.

આખરે તે ઘરનો મોટો દરવાજો ચીંચવાયો, અને સાલમાં વીટલાયલી એક જુવાન ખુબસુરત છોડીના જેવો આકાર બાહાર આવતો દેખાયો, અને કોઈની નજર નહિં પડે તેની સંભાળ રાખતી ગભરાયલે ચેહેરે તે અંધારી ગલીમાંથી તે ઝીજ તેની આગલ આવી ઉભી.

જુવાન ચાર્લસ સાહેબ જે અત્યાર સુધી વાટ જોતા તપી ગયા હતા તેવન જરા ઠંડા પડી જઇ બોલ્યા, “કેમ ડીયર, તૈયાર છે?” અરસપરસ એકમેકના 'હા' કહવા સાથે તેવો તૈયાર થયાં, પણ આપણી જુવાન 'મેરી'એ (કે જે તેણીનુ નામ હતું) એક છેલ્લીવાર પોતાના પ્યારા ઘર—કે જ્યાં તેણીએ પોતાના બચપણથી તે અત્યાર સુધીનાં જે સુખી દીવસો ગુજાર્યા હતા તે ઘર તરફ સદાની સલામ કરવાના ઇરાદાથી એક નજર ફેંકી પોતાના વ્હાલાઓથી છુટી થઇ તે અંજાણા માણસ સાથે અંધારામાં ગેપ થઈ ગઈ.

મેરી “સર રેલેન્ડ” નામના એક નામીચા સખસની

ભત્રીજી થતી હતી. તેણીનાં મા બાપ તેણીને પાંચ વર્ષનીજ મેલી સ્વર્ગવાસી થયાં હતાં, એટલે તે કાકા-કાકીએ પોતાના માયાવંત આસરે હેઠલ ઉપાડી પોતાના 'જેક' નામના એક પુરાં બચ્ચાં માફક તેણીની પણ માવજત લીધી હતી, જેથી કરીને તેણી પણ જાણે તે ઘરનીજ છોકરી હોય તેમ ઘરનાં સઘળાં કામકાજમાં મોટી થતાં નીવડતી ચાલી.

વખતના વેહેવા સાથે મેરી પણ એક કમલનાં ફુલ માફક ખીલતી ચાલી જ્યારે રોલેન્ડ સાહેબનો છોકરો 'જેક' જેને અસલથીજ તેણી સાથ ફરવા હરવાની જે ટેવ પડી હતી તે પણ એટલો બધો તેણીપર મોહીત થયો હતો કે આગલ ચાલતા તેઓ બંન્નેનું ચોકઠું બેસસે એમ માનવામાં કશી ભુલ ભર્યું નોહતું. ટુંકમાં તેઓનો અરસપરસ પ્યાર વધ્યો અને એક સુભ દીવસ જોઈ તેઓનો વીવાહ કીધો, જોકે લગ્નનો દીવસ પણ નક્કી કરી રાખ્યો હતો.

એ દરમ્યાનમાં 'ચાર્લસ' નામનો એક સ્પેન્યર્ડ બીચગ્રોવમાં આવી લાગ્યો, કે જેની બોલવા ચાલવાની રીતભાત અને ખુબસુરત ચેહેરો સરવે કોઈનું ધ્યાન ખેંચવા જોગ હતો. તે જેકનો કોલેજનો સાથી હતો, અને જેકને તેની સાથે ઓલખાણ હોવાથી તે વારંવાર તેને પોતાને ઘેર તેડી લાવતો; અને તેના દમામદાર દેખાવથી થોડાજ વખતમાં તે 'મેરી'નુ દીલ જીતી શક્યો, અને જોકે મેરી અંતરથી તો પોતાના એક પુરા 'જેક'નેજ ચાહતી હતી અને કહેતી કે 'દુન્યામાં તે પોતાના માનીતા જેકનેજ હજી ચાહે છે.'

આખરે ચાર્લસની ફુસલવણી અને તેની ખુબસુરતીની મેરીપર એટલીતો અસર થઈ કે તેણી જેકનો પ્યાર ભુલી જઈ તેની સાથે તે ડીસેમ્બર માસની એક અંધારી સાંહજે બીચગ્રોવ—પોતાના વ્હાલાં વતનને અને જે સખસ તેને પોતાના જાનથી વધારે ચાહતો હતો તેને તેની ઉમદો વચ્ચે રખડતો કરી સદાની સલામ કરી તેની એક સંશયરૂપિ ભવિષયમાં ચાર્લસ સાથે નીકલી ચાલી, જે આપણે ઉપર વાંચી ગયા છીએ.

તેઓના નાહસી જવાની જેકને ખબર થતાંજ તેણી માટે તેને ઘણો ખેદ થયો, અને મેરી કે જેણીપર મારો સઘલો વિશ્વાસ

સોંપ્યો, જેણીને મેં બચપણથી ચાહી તેણી આવાં કામને લાયક હશે કે નહિં તે ઉપર તેનું મન ધચુપચુ થવા લાગ્યું.

ધીમે ધીમે જેક તેની વિષેની યાદ ભુલતો ગયો છતાં કોઈ કોઈ વારતો "ગરીબ બીચારી મેરી તે લુચ્ચા સાથે શું દુઃખમાં હશે? તે તેણી સાથે માયાથી વર્તતો હશે કે નહિં, ઈશ્વર તેણીને સુખી રાખે" આમ મન સાથે વીલાપ કરતો ગયો. એ ઊપ્રાંત તેણી વિષે એક આડો સખુન પણ તે કોઇને બોલવા દેતો નિહ, તે એટલે સુધી કે તેના (જેકના) મા-બાપને નક્કી લાગ્યું કે હવે પછી ગમે એવી બીજી ખુબસુરત સ્ત્રી વીસે, તેની આગલ વિચાર જણાવ્યે તો તે કબુલ રાખે એ અશ્કત હવું.

* * * * *

એક વર્ષ વહી ગયું હતું અને મેરી કયાં છે અથવા જીવતી છે તે વિષે કોઇને ખબર મલી નહિં. બીજા વર્ષની નાતાલના તેહવાર આવી લાગ્યા અને જેકને તેણી તરફની એક ચીઠી મલી જેમાં લખ્યું હતું કે તેણી ઘણીજ દુખી છે, અને જો જેક તેણીને મલવા આવશે તો તેણી તેનો મોટો ઉપકાર માનશે. એક પલ પણ થોભ્યા વગર તે તૈયાર થઇ નીકલ્યો. તેણી લન્ડનનાં એક સાંકડા મોહલામાં એક નીચા કંગાલ ઘરમાં રેહતી હતી. જયાં જેક કેટલી મુસ્કેલીએ આવી પોંહચ્યો. બારણું થોકતાંજ એક ચીઠડેહાલ બૈરીએ તે ઉઘાડી તેને અંદર લીધો, અને એક અંધારી ઓરડીમાં મેરી પડેલી હતી તે ઓરડી દેખાડી તે ચાલી ગઈ. તરતજ તે નાની ઓરડીનું બારણું ખુલ્યું અને મેરી—બે વર્શ ઉપર જે ખીલતી જુવાનીના બ્હારમાં પ્રકાશી રહી હતી તે સોહરાબ સુકાઈને દુખી થયલી દેખાઈ. તે અંદર ગયો અને તેણીનાં બંન્ને હાથ હેતથી પકડી બોલ્યો:

"મેરી, તેં મને બોલાવ્યો તેટલા માટે હું આવ્યોછું અને તને મદદ કરવાને મારામાં જેટલી શકતી હશે તેનો હું ભોગ આપીશ."

તેણીથી થોડોવાર તો બોલી શકાયું નહિં, પણ પછી તેણી એટલાતો ધીમા અને નખાયલા અવાજે બોલી કે જે માણસે તેણીને આટલું બધું દુઃખ દીધું હતું તેની તરફ જેકે ગુસાથી પોતાના દાંત કકડાવ્યા.

"જેક, તું કેવો ભલો છે" તેણી એક સરખા ધીમે અવાજે બોલી, "હું તને મારાપર વીતેલી સઘળી કાંહાણી અને મેં પોતેજ મારી જીંદગાની ધુલ કીધી તે વીગતે કહીશ. ચાર્લસે ધાર્યું કે હું પૈસાવાળી છું અને તેટલા માટેજ તે મારી સાથે પરણ્યો હતો. અને એક પખવાડયું થયું તે કેથો જતો રહયો છે; મારૂં બચ્ચું ઘણુંજ આનતરી છે, અને—"

"અરે, મેરી! આગલથી કાં મને નહિં લખ્યું?" જેકે અફસોસ કીધો, "તારી ખાત્રી રાખ કે જે મારી પાસ છે તે તારૂંજ છે."

"હું ધારૂંછ કે તે પાછો ફરશે, અને જો તે પાછો આવ્યો તો જેક, તું જેમ ધારેછ તેમ બની શકશે નહિં. તારા ઉદાર દીલની તેને કશી અસર થવાની નથી."

"મેરી!" જેક બોલવા તો ગયો પણ મેરીના બોલવાથી તે ચુપ થઈ ગયો. તે ખુરસીમાં બેસી પડયો, અને કેટલોવાર તો તે પડીજ રહયો, અને પછી બોલ્યો, "હું ધારૂછ કે હું મરી ગયો હતે તો સારૂં થતે, કે તને મારી દોલત મલતે અને તું સુખી થતે. તું છોડી ગઈછ ત્યારની મારી જીંદગી ધુલ સરખી છે."

મેરી વાંકી વલી અને પોતાના નાજુક હાથ જેકના ખભાં પર મુકી રડતે અવાજે બોલી, "જેક, એમ ના બોલ, તારી દોલત લેવાને હું લાયક નથી. મારી ચાલથી એ મારાપર વીત્યુ છે, અને તેમાં તારો કશો વાંક નથી,"

તેઓ તે અંધારી ઓરડીમાં લાંબો વખત થયા નીર્ભયપણે જે વાત કરતાં હતાં તે એક બીજો પણ સખસ સાંભલે છે તેની તેઓને ખબર નોહતી. આ સાંભળનાર પેલો ચાર્લસજ હતો કે જે જેકના આવ્યા પછી તરતજ ઘરમાં આવ્યો હતો, અને તેને ઉપલી સઘળી વાત સાંભળી હતી, અને જેક જો મરી જાય તો તેને શું શું ફાયદા થાય વિગેરે તેને સાંભલ્યું હતું, તેથી તેને તેની કાસર કાઢવાની યુકિત યોજી. હાલ તુરત તેઓ વચ્ચે આવી ઉભા રેહવું તેને વાજબી વીચાર્યું નહિ. તરતજ તે ઘર છોડી ગયો. અને થોડાજવારમાં તે પાછો આવ્યો, અને ઉપર જઈને જોયછે તો તે ઓરડીમાં કોઈ પણ દેખાયું નહિ. તે થોભ્યો અને પાસેના ઓરડામાં પેલું બાળક સુતું હતું ત્યાંથી કોઈનો અવાજ આવ્યો, અને પછી તેને મેરીને રડતી સાંભળી. પછી તેને એક

ખાનામાંથી 'ગ્લાસ' કાહડયું અને પોતે જે દારૂની સીસી લાવ્યો હતો તેમાંથી એક ગ્લાસ ભરી ટેબલપર મુકયું. સીસીમાના બાકી રહેલા દારૂમાં તેને સફેદ ભુકી નાંખી અને ટેબલપર મુકી રાખી.

તરતજ જેક અને મેરી ત્યાં આવી લાગ્યાં, અને પોતાની બૈરીના આંસુથી ખરડાયલા ચેહેરાની પુછપરછ કરયા વગર જાણે દીઠીજ નહિં હોય તેમ ચાર્લસે જેકને આવકાર આપી કહ્યું:—

"હું તુંને જોઇને ખુસીછું. જેક, અને મારા ધારવાથી ઉલટું તું એક મીત્ર તરીકેજ મારી સામે આવી ઉભો છે ત્યારે મારી સાથે એક ગલાસ દારૂ તો પી."

જેક હજી સુધી એક શબ્દ પણ બોલ્યો નહિં હતો, અને હવે તે બોલવા જતો હતો તેટલાં મેરીના કાલાવાલા ભર્યા દેખાવથી તેને પોતાનો ગુસ્સો દબાવી ફકત 'બહુ સારૂ' એટલુંજ કહ્યું.

એક બીજુ ગલાસ લઇ તે ભરીને ટેબલપર મુકી અને પાછો ખુરશીપર બેઠો. પછી પોતાની સ્ત્રીને જાણે હમણાજ જોઈ હોય તેમ ડોલ કરી પુછયું "કેમ, મેરી, તારી તબીયત તો સારી છેની?"

'હા' તેણીએ ટુંકમાંજ પતાવ્યું.

જેક જે સામી બાજુએ માથે હાથ ટેકવી બેઠો હતો તે ચાર્લસની બારીકીથી તપાસ રાખતો હતો. કારણકે તેને હમણા ચાર્લસને પેલુ બીજું ગલાસ આગલ હડસેલી પ્રથમનું પોતાની આગલ ખસેડતો જોયો હતો અને આથી તેને સંશય ગયો. પણ ગુપચુપ તે સઘળી હીલચાલ જોતો રહયો. ચાર્લસ પોતાની ફતેહ થયલી જોવાને આતુર દેખાતો જેક મેરી આગલ બોલ્યો હતો કે 'મારા મો'તથી તને દોલત મલતે અને તેથી તું સુખી થતે, વગેરે, માટે તેને હમણા જે બાજી રચી હતી તેની જાણે કોઇને ખબરજ ન હતી તેમ પોતે પણ અજાણ્યો થઇ બેસી રહયો. પણ જેક જે હજી સુધી ચુપ બેસી રહયો હતો તેને પેલા દારૂને આંગળી પણ અડકાવી નહિં. ચાર્લસે હવે તેની તરફ જોઇને તેને તે પી જવાની ફરમાસ કરી પછી પોતે ઉઠી બોલ્યો કે:

"મેરી, હું જરા પાસેના ઓરડામાં જઈ આપણા બચ્ચાંને જોઉં, હું ધારૂંચ કે તે સારી સુખાકારીમાં તો છેની?"

"નહિં," તેણીએ ધીમા અવાજે કહ્યું, "તે સારી પેઠે નથી તે ઘણુંજ ભયભર્યું માંદુ છે.",

જોકે ચાર્લસ પોતાની બૈરીની દરકાર નહિં કરતો પણ તે પોતાના બાળક માટે તેને ઘણી દાઝ હતી. અને જ્યારે મેરી-એ તેને આવું ભયભરી રીતે માંદુ છે એમ કહ્યું ત્યારે તે ફીકકે ચેહેરે બીજી ઓરડીમાં પોતાનાં બચ્ચાં આગલ દોડી ગયો. જેક તેમજ મેરી પોતાની જગ્યાએજ ચુપ બેસી રહ્યાં હતાં અને જેક ચાર્લસ આગલનું ગલાસ ધોલી નાંખી તેની જગ્યાએ પોતા આગળ મુકેલું ભરેલું ગલાસ ચાર્લસની જગ્યાએ મુકયું અને પોતે પી ગયો હોય એવો દેખાવ કીધો. તરતજ પાસેના ઓર-ડામાંથી એક મોટી ચીસ સંભળાઈ અને ચાર્લસ ફીક્કા અને રડતા ચેહેરે ઓરડી આગલ આવી બોલ્યો.

"તે બાલક તો મરી ગયું છે! મેરી, તેં મને કાં નહિં કહ્યું કે તે તો મરી ગયું છે?"

તેને ખસેડીને મેરી તરતજ તે ઓરડીમાં દોડી ગઈ અને જોયું તો ખરેખર તે બાલકે હમણા પોતાનો છેલ્લો દમ ખોહયો હતો. ચાર્લસ જે હજી બારણા આગલ ઉભો હતો તેને પાસેની ઓરડીમાંથી પોતાની બૈરીનો વીલાપ સાંભલ્યો, અને પછી તેબલ તરફ ધ્રુરકીને જે ગલાસ ભરેલું પોતા આગલ પડયું હતું તે હાથમાં લઈને તેમાં શું હતું તે વિષેનો કાંઇ પણ વિ-ચાર કર્યા વના પોતે પી ગયો.

જેકને માટે કાહડેલો તે દારૂ હતો! જ્યારે મેરી ઓરડામ દાખલ થઇ ત્યારે પોતાના ભરથારને જમીનપર લાંબો થઈ પડેલો જોયો કે જેની આગલ 'જેક' વાંકો વલી તેની માવજત કરતો હતો.

જુવાન ચાર્લસે પોતાના આગલા દોસ્તદાર માટે જે છટકું રચ્યું હતું તેનો નસીબ સંજોગે તે પોતેજ ભોગ થઈ પડયો.

તે મરી ગયો હતો!

* * * * *

ત્રીજા વર્ષની નાતાલની તે ખુશનુંમાં સાંઝ હતી, અને મેરી પોતાના આગલા એકવારના ચાહેલા આશકનો હાથ હાથમાં લઇ બારીએ ઉભી ઉભી શેહેરની રચના જોતી હતી. ઉપરા સાપરી દવા દારૂ અને જેકની અતીસ્થ માવજતથી મેરી પાછી પેહેલા જેવીજ વસંતના બ્હારમાં ખીલી રહી હતી જ્યારે જેક પણ પોતાની માનીતી મુર્તીના એવાં સુખમાં સુખી હતો.

બે જોડીયા છોકરાઓની રમુજી વાર્તા.

લખનાર—ધીરજરામ દલપતરામ વકીલ.

સવારનો પહોર હતો, સૂર્ય મનહરણ ખુબીઓ બતાવતો ચડતો જતો હતો. ગામના લોકો ઉત્સાહભેર પોતપોતાને કામે વળગેલા હતા. આ વખતે ભાવનગરના રાજાના દરબારમાં કાંઈ અજાયબ આનંદ દેખાતો હતો, કચેરી ખીચોખીચ માણસોથી ભરાએલી હતી. રાજા પોતે સુશોભિત સિંહાસન ઉપર બીરાજમાન થએલો હતો. કારભારી, મેહેતાઓ, મુત્સદ્દીઓ અને મોટા મોટા ઉમરાવો કચેરીમાં શોભી રહ્યા હતા, વિદ્વાન બ્રાહ્મણો, ભાટ અને ચારણો પણ બેઠેલા હતા.

કચેરીમાં અનેક જાતના આનંદીત દેખાવો થતા હતા, તેમજ આનંદમય વાણીથી વચનો વદનારા કવિઓ પણ પોતાની કાવ્ય ચાતુરીની પ્રસાદીનો વરસાદ વરસાવતા હતા. આ વખતે દરબારના સિપાઈઓએ એક ઘરડા પારસીને મુસ્કેટાઈટ બાંધેલો કચેરીમાં રજુ કીધો. બંધવાને જોઈ રાજાએ કહ્યું અરે બુઢા પારસી, તારૂં નામ શું અને તું કયાંનો રેહેવાસી છે? પારસી બોલ્યો—સાહેબ, મારૂં નામ દોરાબજી છે અને હું દીવબંદરનો રેહેવાસી છું. આથી રાજા એકદમ ગુસ્સે થઈને બોલ્યો—જાઓ સિપાઈ, આ ડોસાને શૂળીએ ચડાવી દો. પારસી બોલ્યો—સાહેબ, આપનું કલ્યાણ થાઓ, આપ મારા ઉપર ઘણોજ ઉપકાર કરો છો. પરમેશ્વર આપને ગુણવાન અને લાયક એવા ઘણા પુત્ર આપો અને આપને લાંબી આવરદા ભોગવવા આ ગાદી ઉપર કાયમ રાખો, એ મારો આશિર્વાદ છે.

“મરવા સુતેલો માણસ પણ જીવવાની આશા મુકી શકતો નથી, તો એ ડોસા, તને હું એકદમ ફાંસીએ ચડાવું છું તેથી તું રાજી શા સારૂ થાય છે?” રાજાએ આશ્ચર્યતાથી પુછયું. “આગળ મેં જે તારા જેવા માણસોને શૂળીએ ચડાવ્યા તે તમામ જીવવાને માટે અનેક કાલાવાલાઓ કરતા હતા. અને જીવવાનો રસ્તો શોધતા હતા અને તારી રીત એથી ઉલટી શા કારણથી છે?”

"સાહેબ, મેં શો ગુનોહ કીધો છે કે મને ફાંસી દોછો?" ઘરડા પારસીએ આતુરતાથી પુછ્યું. "જો મને તે જણાવવામાં આવશે તો હું ઘણી ખુશીથી મારી હકીકત જણાવીશ.

"ફીરંગી લોકો સાથે અમારે વેર પડયું છે." રાજાએ કહેવાનું શરૂ કર્યું. "તેથી અમારી રૈયતમાંનો કોઇ પણ સખ્સ ફીરંગીના રાજમાં જાય છે તો તે લોકો તે અમારા માણસને જીવથી મારે છે અને તેથી તેની રૈયતનો માણસ અમારા રાજમાં આવે છે તેને અમે મારીએ છીએ. તું ફીરંગીની રૈયત છે માટે ફાંસી દેવાનો મારા રાજનો કાયદો ફીરંગીની રૈયત તરીકે તને લાગુ પડે છે. એ સિવાય બીજું કશું કારણ નથી. બોલ તું શા કારણથી રાજી થાય છે તે."

"સાહેબ, કદાપી પાછળથી આપ મને ફાંસીએ ચડાવો નહીં તો હું શું કરૂં!" પારસીએ જણાવ્યું. "મને મરવાની બહુ ઇચ્છા છે."

"હું મારા કાયદા ઉપર પગ મુકનાર નથી" રાજાએ કહતાની દમથી કહ્યું. "ગમે તેવાં કારણો છતાં, ગમે તેવી ધાસ્તી આવી પડવા છતાં અને ગમે તેવા જોખમ છતાં હું તેની દરકાર નહીં રાખતાં મારા કાયદાને બરાબર માન આપુંછું. કોઇના કહ્યાથી હું ડરી જાઉં તેવો નથી. મારી દયાથી હું કોઇને એક જુદી રીતે બચાવું તે વાત જુદી છે, તોપણ શત્રુની રૈયતમાંના કોઇપણ માણસને આજ દીવસ સુધીમાં બચાવ્યો નથી. દેખ તે લોકોની સામે હું એક વિકાળ સિંહથી પણ વિકાળછું, હવે તારો શક દુર કરી તું તારી વાત બીન ધડક આગળ ચલાવ."

"સારૂં સાહેબ, ત્યારે હું મારી દુઃખની કથા આગળ ચલાવું છું." પારસી બોલ્યો. "કેમકે તે આપને સાંભળવાની ઇચ્છાજ છે, ત્યારે મારે કહ્યા વિના છુટકો નથી.

"દીવ બંદરના રેહેનાર શરાફ ખાનદાનમાં મારો જન્મ થયો છે, મારો બાપ કેખુશરો શરાફ એક મોટો, પૈસાદાર શેઠીયો ગણાતો હતો. આખા દીવમાંજ નહીં પણ આસપાસના વીશ વીશ પચીસ પચીસ ગાઉમાં તે એક પૈસાદાર વેપારી તરીકે જાહેર હતો. તેનો વેપાર મનમાનતો અને મોટો હતો. ગાડી ઘોડા અને બંગલા બગીચાની મોજ તે ભોગવતો હતો. મારા સિવાય તેને બીજું કાંઈજ છોકરૂં નહોતું, તેથી તે મને ઘણાં લાડ લડાવતો

હતો. તેની સઘળી આશાઓ મારા એકમાંજ સમાએલી હતી, મારી સઘળી મોજમજાઓને લગતો સામાન તે હરદમ તૈયાર કરાવતો હતો. આ વખતે મારી મા પણ જીવતી હતી. બંને જણનો પ્યાર મારા ઉપર અનહદ હતો તેથી તેઓ અને હું સૌએ સુખી હતાં.

"સુખના દિવસો ઝાઝી મુદત ટકયા નહીં. મારો બાપ કોલેરાના રોગથી બેહેસ્તનસીન થયો. તેના મરણના ગમથી મારી મા પણ થોડા દિવસોમાં મરણ પામી. મારાં બે વ્હાલાંઓ મને નાની ઉંમરમાં એક મોટા વિશાળ ઘરમાં મુકીને ચાલી ગયાં. પૈસો પુષ્કળ હોવાથી મને તેઓને વિષે કાંઇ ખાટું લાગ્યું નહીં.

"મારા ઘરમાં કામકાજ કરવાને એક પારસી બુઢિયાને મેં નોકર તરીકે રાખી અને બીજા બેત્રણ મરદ નોકરો પણ વધાર્યા.

"હવે હું ઘરમાં શેઠ તરીકે ઓળખાવવા અને મનાવા લાગ્યો. હરેક કામ મારા હુકમ પ્રમાણેજ થતું હતું. મારા બાપના વખતના મેહેતા મુત્સદીઓને મેં કાંઇ રજા આપી નહોતી. કેમકે આગલો વેપાર મેં જેમનો તેમ ચાલુ રાખ્યો હતો, તેથી મારી આબરૂ જેમની તેમ સચવાઇ રહી હતી. મારા બાપની હૈયાતીમાં તેણે મને સારી કેળવણી આપી હતી તેથી હું વેપારના કામમાં માથું મારવાને શક્તિમાન થયો હતો.

"થોડાં વરસો બાદ હું એક આબરૂદાર વેપારી તરીકે ગણાવા લાગ્યો અને મારી વેપાર કરવાની ઊલટ વધી. મેં મુંબઇમાં એક નવી કોઠી નાંખવાનું નક્કી કર્યું અને મુંબઇમાં જાતેજ વેપાર ચલાવવાના ઇરાદાથી હું પોતે ત્યાં જઇ રહયો. હું એક ચઢતી જુવાનીનો આદમી હતો અને વળી વેપાર કરવામાં ઊલટદીલ હતો તેથી વખતે ગાડીમાં બેસીને કે પગે ચાલીને મુંબઇના સઘળા બજારોમાં દરરોજ ફરી વળતો હતો. જે માલ ખરીદ કરવાનું મારૂં મન થતું તે હું તરત ખરીદ કરતો હતો. થોડા માસમાં મુંબઇનાં સઘળા બજારોમાં હું એક આબરૂદાર વેપારી તરીકે જાહેર થઇ ગયો, તેથી જે જે માલ દેશાવરથી આવ્યો હોય તે મને બતાવ્યા સિવાય કોઇ વેચતું નહીં. થોડા માસ પછીથી મેં દરરોજ બજારમાં જવાનું માંડી વાળ્યું હતું અને એક નવરોજજી

ઈજાલ નામના પારસીને બજાર ભાવ લાવી આપવાનું સોંપ્યું હતું. નવરોજજી દલાલ એક નામીચો દલાલ ગણાતો હતો. વળી તે કસીને ભાવ કરે તેવો ચાલાક ગણાતો હતો. વેપારમાં પણ તેનું સારૂં ધ્યાન પહોંચતું હતું, તેથી તે એક મારો અચ્છો સલાહકાર હતો.

"વેપારના કામ પ્રસંગે વારંવાર નવરોજજીનું આવવું મારે ઘેર, તેમજ મારૂં જવું તેને ઘેર થતું હતું. હું લગભગ તેના ઘરનાંઓની સાથે પલોટાઈ ગયો હતો, કેમકે મારો રમુજી સ્વભાવ તેનાં ઘરનાંઓને ઘણોજ પસંદ આવતો હતો. નવરોજજી દલાલની નાની દીકરી સીરીન તો મને દેખતી કે ખડખડાટ હસી પડતી હતી અને પોતાની માને કહેતી કે આપણું હસામણું હથિયાર આવ્યું. સીરીનની ઉંમર ચોદ વરસની, અને મારી અઢાર વરસની હતી. સીરીન એક નાજુક તેમજ ખુબસુરત અબળા હતી. હું પણ તે દહાડે કાંઈ તેનાથી ઉતરતી નહોતો, તેથી ઘણી વખત તેણીની મા મારી ખુબસુરતી અને હુસિયારીના વખાણ કરતી તે વખતે તેણી (સીરીન) શરમાળ માલમ પડતી હતી. ઘાંગો વ્યવહાર પડવાથી નવરોજજી દલાલ કે મેહેરબાઈ (સીરીનની મા) ઘરમાં ન હોય અને સીરીન એકલી હોય તે વખતે પણ હું જતો આવતો હતો. સીરીનનાં પ્યારભર્યાં વચનો અને હુસિયારીની ચંચળતાથી હું પીગળી જતો હતો. અને જાણે મારો પ્યાર સીરીનને જાહેર કરૂં, એમ મારૂં દિલ થતું હતું, પણ તેણી મારો પ્યાર કબુલ કરશે કે નહીં, તે વિશે શક હોવાથી હું ચુપ મારી જતો હતો, સીરીન મને અંદરખાનેથી ચહાતી હતી, પણ તે હું કેમ જાણી શકું.

"એક વખત નવરોજજી દલાલની મારફત મેં મોટો સોદો કીધો અને તે વેપારમાં મને નફો પણ મોટો રહયો. આ નફાની ખુશાલીમાં મેં એક મોટી પારટી આપી તેમાં નવરોજજી દલાલના ઘરના સોને પણ નોતરેલાં હતાં. જ્યારે સઘળી મીજલસ મારે ઘેર એકઠી થઈ ત્યારે મને થયેલા લાભની ખુશાલી બદલ આજની મીજલસ મેળવવાનો મેં નિશ્ચય કીધો હતો તે મેં જણાવ્યું, અને તેથી મારા કેટલાક સારા સ્નેહીઓએ મારી વેપાર શક્તિનાં વખાણ કર્યાં. નવરોજજી દલાલે મારા સાલસિકપણા વિષે એક ટુંક ભાષણ કરયું અને મારા તરફનો પોતાનો સંતોષ

જાહેર કીધો. ત્યાર પછી મેં વેપાર વિષે એક લંબાણુ ભાષણ કર્યું અને તે સૌને પસંદ આવ્યું. સૌએ આજની મીજલસ ઘણી સંતોષકારક જણાવી અને પછીથી સભા વિસર્જન થઈ.

"સભાનું કામ ચાલતું હતું, તે પુરૂં થવાની થોડો વખત અગાઉ શીરીન ઉઠીને મારા લખવાના રૂમમાં ગઈ હતી અને જ્યારે સભાનું કામ પુરૂં થયું ત્યારે ત્યાંથી નીકળી આવી પોતાના મા બાપ સાથે પોતાને ઘેર ગઈ હતી.

"ત્યારે શું શીરીન મારાથી દૂર રહેવા માગતી હશે, કે મારા ભાષણથી કંટાળી હશે? તે મારા ભાષણ વખતે મારા લખવાના એકાંત ઓરડામાં ભરાઈ બેઠી તે સભાનું કામ પુરૂં થતાં સુધી બહાર નિકળી નહીં; એ તે શું? પણ રે! તેની જતી વખતની ચમકતી ચસમો મારા તરફ ફેંકી તેજ ખરી પ્રેમની આગાહી આપતી હતી, પણ ત્યારે તે એકાંત ઓરડામાં ભરાઇ બેઠી શા સારૂ હશે?

"ગમે તેમ હોય પણ હું તેનો ભેદ સમજી શકયો નહીં, અને તે વિષે બીજી કશી કનવાર પણ કીધી નહીં. બજારમાં કામ હોવાથી ગાડી જોડાવી હું બજારમાં ગયો.

"બજારમાં લેવા યોગ્ય માલ હતો, પરંતુ નવરોજજી દલાલ હજુ આવ્યા નહોતા. તેથી મેં મારા ગાડીવાનને દલાલના ઘર તરફ ગાડી હાંકવા કહ્યું. થોડીવાર પછી ગાડીવાને ખબર આપી કે નવરોજજી દલાલનું ઘર આવી લાગ્યું છે. હું તરત નીચે ઉતર્યો અને નવરોજજી દલાલના ઘરમાં દાખલ થયો.

"અંદર જતાંજ નવરોજજી તથા તેનાં ધણીયાણીએ મને માનથી બોલાવ્યો અને ખુરશી આપી.

"'તમે તો આજે બજારમા નહીં આવ્યા નવરોજજી' મેં ખુરશી ખેંચી બેસતાં કહ્યું. 'આજે માલ ઘણો સારો છે પણ તમારી સલાહ વિના તે લેવા મને ગમ્યો નહીં, કેમ હવે ચાલશો?'

"'તમારે ઘેર જરા વધારે જમાયું તેથી જરા પેટ ભારે થયું છે દોરાબજી' નવરોજજીએ ચલાવ્યું. 'વળી અમે તો તમારે ઘેર જમ્યાં, પણ તમે——'

"'નહીં શેઠ,' મેં કહ્યું. 'તે પણ તમારૂંજ છે.'

"'એમ હોય કે? નવરોજજીએ ખડખડાટ હસીને કહ્યું, 'શીરીન, શીરીન, પેલું ફ્રુટ લાવ બા, આપણા ઘરમાં દોરાબજી આવ્યા છે'

"શીરીન ફ્રુટ લઇને આવી પોતાના બાપની પાસે તે મુકયું અને નીચી નજરે તેને સાફ કરવા બેઠી. અરેરે શીરીનને આ શું થયું? જે શીરીન દરરોજ મને રમુજી દોરાબના નામથી બોલાવતી હતી, જે શીરીન મારી સાથે તરેહવાર વાતો કરી હસતી તથા હસાવતી હતી અને જે શીરીન વારંવાર મારો ચેહેરો ટીકીને જોતી હતી; તે શીરીન આજે બદલાઈ ગઈ લાગી મારી સામે નજર કરવાના પણ અખાડા કીધા ત્યારે આવકાર તો આપેજ કયાંથી? એને શું થયું હશે?

"'દીકરી શીરીન.' નવરોજીએ કહ્યું 'દોરાબજી આવ્યાછે.'

"'હા! બાવાજી, હું જાણુંછું.' શીરીને નીચી નજરેજ જવાબ દીધો.

"'ત્યારે કેમ આજે તો બોલાવતાં પણ નથી શીરીનબાઈ. મેં કહ્યું. 'દરરોજ તો હસોછો હસાવોછો અને બે ટાઢી મીઠી વાત પણ કરોછો, આજે એના અખાડા કેમ કીધા'

"'કાંઈ નહીં દોરાબજી' શીરીને કહ્યું. મારો સ્વભાવ કાંઈ એવો છે"

"'અરે છાનો સ્વભાવ" નવરોજજી તપીને બોલ્યો. કોઈ પારકું આપણા ઘરમાં આવે તો તેને પણ આવકાર આપવો જોઈએ, ત્યારે દોરાબજી તો આપણા ઘરના આદમી કહેવાય તેની સાથે વાત કરવાના પણ અખાડા કરવા તે શું ઠીક કહેવાય વારૂ?'

'બાવાજી, મને શરમ થાય છે' શીરીને નીચી નજરે ઉત્તર આપ્યો."

"'દરરોજ શરમ નહીં અને આજે શરમ કયાંથી આવી?' નવરોજજીએ કહ્યું "તું જે ફ્રુટ તૈયાર કરી રહી છે તે તારે અને દોરાબજીને સાથે ખાવા બેસવું પડશે, કેમકે હું અને તારી મા દોરાબજીના ઘરમાં ખુબ જમ્યાં છીએ તું શરમમાં ભૂલી રહી હશે. વળી આપણા ઘરનું કોઇપણ તેની સાથે ખાવા બેસવું જોઇએ માટે તુંજ બેસ.'

"'મેં ઘણું ખાધું છે બાવાજી' શીરીને કહ્યુ 'હું તેવણુની સાથે જમવા બેસી શકીશ નહીં.' એટલું કહી તેણી ઓરડામાં તરત ચાલતી થઇ.

“‘શીરીન, શીરીન, ન જા,’ નવરોજજી તથા તેનાં ધણીઆણી બંને બુમ પાડી ઉઠયાં. ‘રે! છોકરી, અમને પત કરતી નથી કે શું? તુ અમને બેવકુફ થવા ધારે છે. આજદીન સુધી અમે તને ડાહી દીકરી સમજતાં હતાં પણ તારા જેવી મૂર્ખી તો જગતમાં કોઈકજ હશે. આ શું કરે છે?’

“શીરીન પાછી આવી નહીં. તેમ કશો ઉત્તર પણ આપ્યો નહીં. તૈયાર કરેલું ફરુટ મને તો ગમ્યું નહીં પણ નવરોજજીના આગ્રહથી તે ધણી ધણીઆણી સાથે બેસીને મેં થોડુ ખાધું. સૌની સાથે ખાવાને પણ શીરીન આવી નહીં. હવે તો મને ખાત્રી થઈ કે હું કોઇ પણ રીતે નાલાયકજ છું કેમકે શીરીન સમજુ છે તે તો હું અગાઉથીજ જાણતો હતો. વળી તે શરમાય છે એવું તેણી બોલી, પણ એમ શરમાવા જેવું તો કશુ બન્યું નથી, ત્યારે મારી નાલાયકી સિવાય બીજુ શું? હું નાલાયક સાથે બેસતાં તે શરમાતી હશે. શીરીન, શીરીન, ગુલાબનો ગોટો હતી, કમળનો ઝુડો હતી, અને અમૃતનો કુવો હતી, તે શીરીન જ્યારે બોલવા વટીકનો પણ વાંધો લઈ બેઠી ત્યારે હવે મુંબઇમાં રહીને કરવું છે શું? મારૂ દીલ દીવ તરફ પાછું ફરવા લલચાયું, પણ હજુ શીરીનની છબી છોડવાનું ગમતું નહોતું. અરે આ શી કુદરતની લીલા. આ વીચારો મને થોડી પળમાં આવ્યા હતા, પછી નવરોજજીને મારી ગાડીમાં લઇ બજારમાં ગયો અને સોદો અનુકુળ પડયો તેમ ફરી નવરોજજીને તેના ઘર તરફ વિદાય કીધા અને હું મારા ઘર તરફ આવ્યો. જુદા પડતી વખત નવરોજજી દલીલ મારી માગવાને ચુકયા નહોતા. તેણે કહ્યુ હતું કે–જુઓ શેઠ, પેલી મારી દુકતીએ તમારૂં અપમાન કીધું છે માટે માફ કરજો. મેં તેને યોગ્ય ઉત્તરથી ધીરજ આપી અને જણાવ્યું કંઈ નહીં. હું કોઈ પણ રીતે નાલાયક હોઇશ. આ ખુલાસો જોકે મને તો બરાબર લાગતો હતો પણ નવરોજજીને સખત જણાયો, તેથી આંખમાં આંસુ લાવી ગયા હતા. મેં તેને ધીરજ આપી પોતાને ઘેર મોકલ્યા હતા.

“હું જ્યારે મારા ઘરમાં આવ્યો ત્યારે તે મને દોઝખ કરતાં પણ વધારે દુઃખદાયક માલમ પડયું. કોઇ જગોએ ગોઠે નહીં. સર્વ જમાઓ ખાવા દોડતી હોય એવું લાગતુ હતુ. શીરીન, શી-

રીનને શીરીન, યાદ આવ્યા કરતી હતી. શીરીનનો પ્યાર મારા હૃદયમાં પૂર જોસથી પ્રકાશતો હતો. આ વખતે તે ઘણોજ જોસમાં ભડકા રૂપે મને સળગાવી મારતો હતો. લખવું, વાંચવું કે કામ કરવું ગમતું નહોતું. સુવું, બેસવું, ઉભા રહેવું કે ફરવું, તે પણ ગમતું નહોતું. આજે શીરીનની પેઠે મારો સ્વભાવ પણ બદલાયો હતો. જીવને જરા આરામ મળે માટે પલંગમાં જરા હું લેટી ગયો.

"હું પલંગમાં હતો એટલામાં એક નોકરે આવી મને પુછ્યું કે, સાહેબ, આપ કહેતા હતા તે દીવનો કાગળ લખ્યો કે નહીં. દીવ જનાર વહાણ તૈયાર થયું છે હું એકદમ જાગી ઉઠયો અને કાગળ લખવા બાબત ગમતું તો નહોતું પણ લખ્યા વિના છુટકો નથી એમ સમજી લખવાની ઓરડીમાં ગયો.

મારી લખવાની ટેબલ પાસે ખુરસી તાણીને હું બેઠો અને દીવનો કાગળ લખી તે બીડવા નોકરને સોંપ્યો, એટલામાં એક મારા સિરનામાનો કાગળ મારી નજરે પડયો તરત મેં તે ઉચકી લીધો અને કવર તોડી વાંચવું શરૂ કીધું

"મારા પ્યારા ભરથાર દોરાબજી

નમ્રતા સાથે વિનંતી કે, હું ઘણી મુદતથી તમારી લાયકીની તપાસ કરતી આવી છું. તમારો અને મારો મેળાપ ઘણી તખત મારા ઘરમાં મારી માની રૂબરૂ તેમજ એકાંતમાં થયો છે, તે વખતથીજ તમારી કેળવણી વિષે મારો ઊંચો મત હતો; પરંતુ આજના તમારા વેપાર સંબંધી બાપણુથી મારી પુરેપુરી ખાત્રી થઈ ચુકી છે. હું તમને મારા ભરથાર તરીકે આજથી અને આ ચીઠીથી કબુલ કરૂં છું જો આપ મને ચહાતા હોતો મારી આ માગણી કબુલ કરવા વિષે ખબર આપશો અને મારી મરજી આપના સાથે લગ્ન કરવાની છે ને મારા બાવાજીને જણાવશો. કદાચ તમે બીજી કોઈને ચહાતા હોતો ખુશીથી હું મારી આખી જીંદગી કુંવારી ગાળીશ, પણ બીજા કોઈ સાથે પરણીશ નહીં, એ નિશ્ચય સમજવું. દાસ એજ.

લી૦ તમારી ગરીબ દાસી

શીરીન.'

"આહા હા! કેટલો ફેરફાર, કેવો ભેદ એકદમ નહીં ધારેલી રીતે નહીં ધારેલે વખતે અને નહીં ધારેલો લાભ અકસ્માત થવાથી કયો પુરૂષ રાજી નહીં થાય? હું સીરીનને ચહાતો હતો એતો સૌ જાણે છે મારી માગણી મંજુર થાય કે નહીં, તે વિષેની ધાસ્તીમાં મેં મારો વિચાર શીરીનને જાહેર કીધો નહોતો તે હું આગળ બોલી ગયો છું હવે જ્યારે તે મારી ઈચ્છા મુજબજ શીરીન પોતે કબુલ થઇ છે ત્યારે હું કેમ ના કબુલ થાઉં શીરીનની શરમનું કારણ આ ચીઠ્ઠી હતી એમ હવે મને જણાયું. વલી તેણી મારા ભાષણ વખતે મારી લખ્ખવાની ઓરડીમાં ગઈ હતી તે પણ આ ચીઠ્ઠી લખવા સારૂજ ગઈ હતી એવી મારી ખાત્રી થઈ. શીરીન મને ચહાય છે અને તેપણ વળી ભરથાર તરીકે, તે કાંઈ ઓછા આનંદની વાત નહોતી. મનેતો રૂએ રૂએ હર્ષ વ્યાપી ગયો અને શીરીન સાથે લગ્ન કર્યા પછીથી તેણીને કેવા પ્રકારથી સુખ આપવું તે વિષેના વિચારમાં લીન થઈ ગયો.

"બીજે દિવસે હું મારા છત્ર પલંગમાં પડયો પડયે શીરીનની ચીઠ્ઠી વાંચતો હતો એટલામાં નવરોજી દલાલ મારી પાસે એક વેપાર સંબંધી ખબર લઈને ઉતાવલે પગે આવતા હતા. તોપણ હુંતો ચીઠ્ઠી વાંચવામાં લીનજ થયેલો હતો. જેને પ્યારનો અનુભવ હશે તેતો જાણનોજ હશે જોઈએ કે પ્રેમની ચીઠ્ઠી વારંવાર વાચવા છતાં પણ કંટાળો આપતી નથી. જો હું ભુલતો ન હોઉં તો અત્યાર સુધીમાં લગભગ એકસો વખત કરતાં વધારે વાર હું શીરીનની ચીઠ્ઠી વાંચી ચુકયો હતો અને તોપણ વાંચવાની ઉલટ જેવીને તેવીજ હતી.

"'કેમ શેઠ, આજે તો કાંઇ જરૂરી કાગળ વાંચવામાં લીન થવા લાગોછો' નવરોજીએ ખુરશી તાણી બેસતાં કહ્યું 'જો હરકત ન હોય તો એક સોદો કરવાની ખબર લઇને હું આવ્યોછું તે સાંભળી લેશો.'

"'હું જે વાંચું છું, તે પણ એક સોદાનીજ વાત છે નવરોજજી, મેં ટંકારમાં કહ્યું "તમે ખબર લાવ્યા તે વેપારનો શોદો હશે અને હું વાંચું છું તે નસીબનો સોદો છે.'

"'ત્યારે તો તમે સારી દલાલી મને પેદા કરાવશો શેઠ' નવુરોજજીએ ખુબ મશ્કરી ચલાવી 'આજદીન સુધીમાં આવો સોદો મારા હાથથી થયો નથી,

"'તમારા માલની તમને દલાલી શાની જોઇએ નવરોજજી મેં તેજ ઢબે ચલાવ્યું. 'પારકા માલમાં દલાલી પણ તમારા પોતાના માલમાં પણ દલાલી?'

"'મારો માલ?' નવરોજજીએ આશ્ચર્યતાથી પુછયું 'મારો માલ શું છે, તે હું પોતે પણ જાણતો નથી અને આ તમે શું બોલો છો?'

"'હું ખરૂં બોલું છું નવરોજજી,' મેં દ્રઢતાની ઢબે કહ્યું 'અને જુઓ કરારનામું.'

"શીરીનના હાથની લખેલી ચીઠ્ઠી નવરોજજીનાહાથમાં મુકી. નવરોજજી તે અવલથી આખર સુધી વાંચી ગયા અને પછીથી તે કામમાં પોતે પોતાની ખુશી બતાવી. વેપાર સંબંધી જે સમાચાર તે લાવ્યા હતા તે વિષે વાત ચીત કરી પોતાને ઘેર ગયા.

"થોડા દિવસ પછી હું અને સીરીન અદરાયાં અને વખત આવતાં લગનથી જોડાયાં. અમારા આ સુખભર્યા સંજોગથી બન્ને જણને આનંદ થતો હતો.

"પરમેશ્વરની કૃપાથી અમને એક નવો લાભ ઉત્પન્ન થયો. તે લાભ એ હતો કે, શીરીન હમેલદાર થઈ હતી. આ સમયે શીરીનને ખાવું પીવું ભાવતું નહોતું તેથી ઘણો વખત તે પોતાના બાપના ઘરમાં કાઢતી હતી.

"કાળની બલીહારી છે. લાભ સમયે લાભજ થાય છે. મને વેપારમાં ફરીથી એક મોટો નફો થયો અને તેજ તારીખે સવારના પાંચ વાગતે શીરીને બે છોકરાને જન્મ દીધો. કેવો અમુલ્ય લાભ?

"બે છોકરાઓ એકી સાથે પ્રાપ્ત થયાની ખુશાલી બદલ ગરીબોને લુગડાં તથા ખાવાનું અને નિશાળીઆઓને રજા અપાવી.

"હવે હું મને પોતાને તથા શીરીનને ભાગ્યશાળી સમજવા લાગ્યો. તેમજ મેહેરબાઈ તથા નવરોજી પોતાને ભાગ્યશાળી સમજવા લાગ્યાં શીરીનની મોટી બેહેનને કાંઇ સતાન નહોતું તેમજ નવરોજજીને બે દીકરી સિવાય બીજું કાંઇ નહોતું. તેને મારા બે છોકરાઓથી નવી આશાએ સંતોષી બનાવ્યાં. તેઓ મારાં બંને બાળકને પોતાના તરીકે સાચવવા લાગ્યાં અને તેની સઘલી તરેહની સંભાળ નવરોજજી તથા મેહેરબાઈ રાખતાં હતાં. હજુ સુધી તે બાળકોને મેં કદી જોયાં નહોતાં.

જ્યારે ચાર મહિનાનાં મારાં બંને બાળકો થયાં ત્યારે શીરીન તેને લઈને મારે ઘેર આવી. બંને છોકરાઓ એક સરખા રૂપ, રંગ અને કદના હતાં. પરમેશ્વરે એકજ બીબાની અંદર બંનેને ઢાળી કાઢયા હોય એવા તે દીસતા હતા. તે બંનેમાંથી કયો મોટો અને કયો નાનો છોકરો છે તે હું તો શું, પરંતુ શીરીન પોતે પણ પિછાણી શકતી નહોતી. તેની ઓળખાણ રાખવા સારૂ શીરીને મોટાનો સફેત રેશમનો દોરો તથા નાનાને લાલ રેશમનો દોરો બાંધયો હતો, બંને છોકરા ઘણાજ ખુબસુરત હતા તેથી તે સર્વને પ્યારા લાગતા હતા.

મારો સસરો--નવરોજજી દલાલ એક સોદાના સમાચાર લઈને આવવાથી હું તેની સાથે મારી ગાડીમાં બજારમાં ગયો. અને ત્યાં સોદો સામટો કરવાથી તેની ધમપછાડમાં છેક રાતના દસ વાગતે ઘેર આવ્યો ઘરમાં પેસતાંજ મેં બને બદલે ચાર છોકરા દીઠા મારા બંને છોકરા સ્વરૂપવાન હતા તેતો હું અગાઉથી કહી ગયો છું અને બીજા નવા બે છોકરા શામલા રંગના પણ આંખે નાકે નમણા હતા મેં શીરીનને પુછ્યું કે "આ બીજા બે છોકરા કોન છે?" ત્યારે શીરીને જવાબ દીધો કે "તે કાઠીયાવાડના કોળી નાછે"।

"ઘણા દિવસ આગાઉ કેટલોક કાઠીયાવાડનો સંઘ ગોદાવરીની જાત્રા કરવા સારૂ અહિં આવ્યો હતો તે ગોદાવરી જઈ પાછો અહીં આવ્યો હતો. એ સંઘમાં એક કોળી તથા તેની ઓરત પણ હતાં પેલી કોલણને હમેલ હતા તેથી છોકરૂં જન્મતાં સુધી તેમણે મુંબઈમાં રહેવા નકકી કર્યું હતું અને આપણા ઘરની પડોસમાં એક કોટડી ભાડે લઈ રહ્યાં હતાં. તેને વખત આંવતા આ બે છોકરાઓને જન્મ થયો. તે છોકરાઓ જરા મોટા થયા એટલે તેમણે પોતાને વતન જવા નકકી કર્યું, પણ પાસે ખરચી ન હોવાથી ચિંતામાં પડયાં, આખરે બંને છોકરાને વેચી દેવાનો નિશ્ચય કીધો, પરંતુ તે છોકરાઓ બીજાને આપવાથી દુ:ખી થશે એવું સમજી રડવા લાગ્યાં. વળી પોતાનાં બાળકને તજી દેવા તેઓને ગમતું નહોતું, પરંતુ કરે શું? તે બાળકો વેચ્યા વિના સિદ્ધિ નહોતી. કોળી તથા કોળણ બંને જણને રડતાં જોઇ હું ત્યાં ગઈ અને તેને રડવાનું કારણ પુછ્યું, ત્યારે તેણે પોતાના બંને દીકરાઓ વેચી નાંખવાનો વિચાર જણાવ્યો અને તે કોઇ સારે ઠેકાણે-સુખમાં પડે એવા લાયક કુટુંબમાં આપી દેવા મને ભલામણ કરી. મેં પોતેજ રાખવાનું તેમને જણાવ્યું ત્યારે તો તેઓ ઘણાંજ ખુસી થયાં અને તે છોકરાઓ મારે સ્વાધિન કીધા છે. મેં તેઓ રાજી થાય તેટલું નાણું આપ્યું છે, તેથી તેઓ આજે એક વહાણમાં પોતાન વતન તરફ ઉપડી ગયાં છે."

"'પારકાં છોકરાં વેચાણ લઇને આપણે શું કરવાં હતાં શીરીન" મેં નરમ ઠપકો દીધો. "જો તેના છોકરાં લઇને પૈસા આપ્યા તેના કરતાં તેઓને મદદ તરીકે પૈસા આપ્યા હોત અને તેઓનાં છોકરાં તેઓને સ્વાધિન કીધાં હોત તો તે વધારે રાજી થાત.'

"'ખરી વાત છે દોરાબજી' શીરીને કહ્યું 'મને પણ તેમજ કરવા દીલ થતું હતું. પરંતુ તે બંને ભાઇઓ પણ આપણા છોકરાઓની પેઠે એક સરખાજ રૂપ, રંગ અને કદના છે; તેથી મારી રમુજ સારૂ મેં તે રાખવા પ્રથમ વિચાર જણાવ્યો હતો, પણ પાછળથી તેમ નહીં કરતાં મદદ આપવાજ ખુશી બતાવી; પરંતુ તે છોકરાઓનાં મા બાપે મને આગ્રહ કરીને સોંપ્યા અને તેઓ એમ થવાથી રાજી થશે એવું જણાવવાથીજ મેં તે છોકરાઓ મારા સ્વાધીનમાં લીધા છે.'

"'હવે તું શી રીતે રમુજ તરીકે ઉપયોગમાં બાળકોને કામે લગાડશે?' મેં કહ્યું.

"'કુદરતની બક્ષિસથી તેઓને જે રમુજ પ્રાપ્ત થઇ છે તેજ રમુજ, બીજી કઇ રમુજ હોય?' શીરીને કહ્યું 'આપણાં બંને છોકરાઓની પેઠે તેઓ બંને પણ એકજ રૂપ, રંગ અને કદના છે, તેથી તેઓ બંનેને આપણા બે છોકરાઓના નોકર તરીકે રાખવા છે.'

"'હા, એ ખરી રમુજ, મેં ટાપસી પુરી 'ત્યારે તો રમુજમાં રમુજ વધવી જોઈએ. તે એજ કે, આપણા બંને છોકરાનાં નામ બરજોરજી રાખવાં જોઈએ અને પેલા બંને છોકરાઓનાં નામ કેસર રાખવાં. મોટો કેસર આપણા મોટા બરજોરજીનો નોકર નીમવો અને નાનો કેસર આપણા નાના બરજોરજીનો નોકર નીમવો.'

"'હા, એ ઠીક છે' શીરીને કહ્યું.

"અમારો બંનેનો મત એક થવાથી આગળ કહ્યા મુજબ તે ચારે છોકરાઓનાં નામ ઠરાવ્યાં અને તેઓને તેજ નામથી સો બોલાવતાં હતાં.

"અમારૂં આ સુખ બહુ દિવસ ટકયું નહીં. શીરીન બિચારી એકદમ માંદી પડી ગઇ અને તે એટલી હદ સુધી કે ડાકતરે તેણીની જીવવાની આશા છોડાવી હતી. જોકે તે મરી તો ગઇજ નહીં પરંતુ પોતાનાં પ્યારાં બાળકોની સંભાળ તેણી લઈ શકતી

નહોતી. અમારી અગાઉથી રાખેલી બુઢીમાં પારસણને હાથ ઘરનો કારભાર સોંપેલો હતો અને બીજી બે ગરીબ આયાઓને ચાર છોકરાઓની સંભાળ લેવાનું સોંપ્યું હતું. ઘરના કોઇ પણ કામકાજમાં ધ્યાન નહીં આપવા છતાં શીરીનની તબીયત દરરોજ બગડતી જતી હતી. કેટલાક જાણીતા દાકતરોની સલાહ પુછવાથી હવા ફેર કરવાની ઘણાઓએ ભલામણ કરી. આ ભલામણ ઉપરથી અમોએ દીવમાં જવા નીશ્ચય કીધો, અને તેથી એક વહાણની અંદર અમારી તમામ મીલકત ભરી દીવ તરફ મોકલાવી લીધું."

થોડા દીવસ બાદ સૌનો હિસાબ કિતાબ કરી નોકરોને પગાર ચુકવી આપ્યો અને સૌને રજા આપી. હવે ઘરમાં માત્ર ચાર છોકરા હું અને શીરીન મળીને ૭ જણ રહ્યાં. એક વહાણનું નક્કી કરી તેજ દિવસે તેમાં બેઠાં અને વહાણ ચાલતું થયું.

ચાર દિવસ સુધી વહાણને કશી હરકત નડી નહીં, પણ પાંચમે દિવસે તોફાની પવન ફુંકવા લાગ્યો. આથી ઊતારૂઓના જીવ ગભરાવા લાગ્યા, પણ તોફાની દરિયા પાસે ચાલે કોનું? વહાણને એકદમ અવળી દિશા તરફ ઘસડવા માંડયું. ખારવાઓના હાથમાં કાંઇ કાબુ ન હોવાથી વહાણ એક ખડક સાથે અથડાયું અને તેથી ગાબડું નીકળી ગયું. ગાબડાં વાટે ધોધબંધ પાણી વહાણમાં આવવા લાગ્યું, તેથી ઊતારૂઓ તથા ખારવાઓ ગભરાઈ ગયા. તરત હોડીઓ છોડવામાં આવી. આ વખત આખા વહાણમાં કોળાહળ મચી રહયો હતો. સૌએ જીવવાની આશા છોડી હતી; તોપણ તૈયાર રાખેલી હોડીમાં સૌએ બેસવા લાગ્યાં. છેવટ વહાણ માણસોથી ખાલી થવા આવ્યું. આ વખતે હું, શીરીન અને અમારા ચાર છોકરા સિવાય બીજું કોઇ વહાણમાં નહોતું. શીરીન એક બાજુ પોતાના ચાર બચ્ચાંઓનું શું થશે તે વિષે બળાપો કરતી રડતી હતી, અને તેને જોઇને પેલા નિર્દોષ બાળકો પણ કરૂણામય સ્વર કાઢી રડતાં હતાં. આ વખતનો દેખાવ મને પણ હિંમત હરાવી નાખે તેવો હતો, કેમકે ખારવાઓ પણ વહાણનો આશ્રય છોડી હોડીને શરણ થ... મેં શીરીનને સમજાવ્યું કે, સોક કરવાથી કાંઇ વળ

માટે તું હમી થા અને બે છોકરાને તું સંભાળ, આ એક કુવા સ્થંભ સાથે બાંધ અને તું પોતે પણ તે સાથેજ બંધા. બે છોકરાનું હું પણ તેમજ કરૂંછું. આ વિચાર શીરીનને પસંદ આવ્યો તેથી તેણી બે મોટા છોકરા (મોટો બરજોરજી તથા મોટો કેસર) સાથે એક કુવા સ્થંભ સાથે બંધાઇ, અને ત્યાર પછી બે નાના છોકરા (નાનો બરજોરજી તથા નાનો કેસર) સાથે બીજા કુવાસ્થંભ સાથે હું બંધાયો. આ વખતે અમે મોતની અણી ઉપર હતાં.

પરમેશ્વરની અકળ કળા છે. તે ઘડીમાં ચ્હાય તે કરી શકે છે. ગાબડા વાટે વહાણમાં એટલું પાણી ભરાયું હતું કે હવે વહાણ તળીએ બેસી જવાની તૈયારીમાં હતું એટલામાં અચાનક પવન શરૂ થયો અને એક ઝપાટો એવા જોરથી લાગ્યો કે અમે બંધાયાં હતાં તે બંને કુવાસ્થંભો ભાંગીને દરિયામાં પડયા અને વહાણ તળીએ જઈ બેઠું. અમારાં બંને કુવાસ્થંભો જુદી જુદી દિશાઓમાં તણાતા ચાલ્યા તેથી મને તેમજ શીરીનને ઘણું દુખ પેદા થયું, પરંતુ દરિયાના તોફાની મોજા આગળ અમારૂં કશું ચાલી સકયું નહીં. બંને કુવાસ્થંભો ઘણા દુર નિકળી ગયા, એટલામાં શીરીનવાળા કુવાસ્થંભને એક વહાણની મદદ આવી પોંહચી. તેણે તે સ્થંભ ઉઠાવી પોતાના વહાણમાં લીધો તેથી મને સંતોષ થયો કે, તે ત્રણ જીવો બચ્યા છે. થોડીવાર પછી મને પણ એક બીજા વહાણની મદદ મળી ગઇ. તેણે અમારો કુવાસ્થંભ અંદર લીધો અને ત્રણેને છોડી નાંખી યોગ્ય સારવાર કરી. આખરે ધોઘા બંદરે ઉતારી મુકયા ત્યાંથી પગ રસ્તે અમે દીવ ગયા. શીરીન અને મોટા બે છોકરાનું શું થયું તે હું જાણતો નથી.

આ વાતને સોળ વરસ વીતી ગયાં પણ સીરીનનો કે પેલા (તેની સાથેના) બે છોકરાઓનો કશો પત્તો લાગ્યો નહીં. આ વખત તે છોકરાઓની ઊમર લગભગ અઢાર વરસની હતી.

એક દિવસ વાત કરતાં એક મારા મિત્રે મને કહ્યું કે, તમારો બરજોરજી (જે મારી પાસે હતો તે હવે મોટો થયો માટે તેનું લગ્ન કરવું જોઈએ.

આ વાતથી મારી આંખમાં આંસુ આવી ગયાં તેથી ...રજી બોલ્યો—"બાવાજી, તમે લગ્ન કરવાની વાતથી રડવા ...ગ્યા શું?"

"રડવાનું કારણ છે ભાઈ" મેં કહ્યું. "તારાં લગ્ન કરીએ તે વખતે તારી મા હોય તો તેને કેટલો સંતોષ થાય વારુ?"

"જે મરી ગઇ તેને માટે શોક કરવાથી ફાયદો શું, બાવાજી" નાના બરજોરજીએ કહ્યું "પરમેશ્વરના કૃત્ય આગળ કોઇનો ઇલાજ નથી."

"મરી ગઇ કે જીવતી છે તેના પણ કયાં સમાચાર મળ્યા છે?" મેં કહ્યું. "જયારથી તે, તારો મોટો ભાઈ અને આપણા કેસરનો મોટો ભાઈ આપણાથી જૂદાં પડયાં ત્યાર પછી તે કયાં ગયાં અને હાલ કયાં છે? અથવા તે જીવતાં છે કે મરી ગયાં તેનો પણ કસો પત્તો નથી. જો તારો મોટો ભાઈ અહિંજ હોત તો તારાં તેમ તેનાં સાથેજ લગ્ન કરત."

"મારે મોટો ભાઇ છે?" નાના બરજોરે આશ્ચર્યતાથી પુછયું.

"અને મારે પણ મોટો ભાઇ છે?" નાના કેસરે તેટલીજ આતુરતાથી કહ્યું.

"હા ભાઇ" મેં કહ્યું. "તમારા બંનેના મોટાભાઇ સીરીનની સાથે છે."

ત્યાર પછી મુંબઈથી દીવ આવતાં અમોને દરિયામાં કેવું તોફાન લાગ્યું હતુ અને વહાણ ખરાબા સાથે અથડાઈ ભાગી ગયું, ત્યાંથી અમોએ અમારા બચાવને સારૂ કેવો ઇલાજ લીધો અને શીરીન વગેરે કેવી રીતે જુદાં પડી ગયાં, તે મેં વીગતવાર કહ્યું તેથી નાના બરજોરજીએ લગ્ન કરવાની વાત માંડી વાળી અને પોતાના ભાઇની શોધ કરી આવવા પછીથીજ લગ્ન કરવાનું નક્કી કીધું. મેં તેને ઘણો સમજાવ્યો કે "જેનો સોળ વરસ સુધી પત્તો લાગ્યો નથી તેનો હવે પત્તો મળવો મુશ્કેલ છે." પણ બરજોરજી એકનો બે થયો નહીં. આખરે તે ખરચી લઇ પોતાના કેસર સાથે ભાઈ તથા માની સોધ કરવા સારૂ નિકળ્યો અને ઘરમાં હું એકલો રહયો. જ્યારે બરજોરજી ગયાના સમાચાર મારા સ્નેહીઓએ સાંભળ્યા ત્યારે મને ઘણોજ ઠપકો દીધો, પણ હું કાંઈ ડગ્યો નહીં અને તે સાંભળવાના અખાડાજ કીધા.

"પડતી સાથે પડતીજ હોય છે. મારાં આગલાં ... ઓને ગુમાવ્યા પછીથી પાછાં બે પણ ગુમાવ્યાં, અ...

થઇ રહ્યો. બે વરસ સુધી પાછળથી ગયેલા બે નાના છોકરાઓના પણ કશા સમાચાર આવ્યા નહીં અને આ સમયે મને વેપારમાં મોટી ખોટ થઇ હતી, તેથી હું બહુજ ગભરાઇ ગયો; પણ ધીરજ રાખી ચુપ રહ્યો.

"બીજા બે વરસમાં મારી પાસે જે હતું તે તમામ વેપારની નુકસાની પેટે મેં ગુમાવી દીધું તેથી હું બેવડો ગભરાયો. પાછળથી ગયેલા છોકરાઓને ચાર અને આગલાંઓને વીશ વરસ થઇ ગયાં હતાં. કુટુંબ અને નાણાં બંનેનું નુકશાન મને બહુ દુખદાયક લાગ્યું, તેથી હું પણ તેઓની શોધમાં નિકળી પડયો. લગભગ એક વરસ પુરૂં થવા આવ્યું પણ હજુ કોઇનો પત્તો લાગ્યો નહીં. વળી દુઃખના દિવસોમાં જીવવું મને અકારૂં લાગેછે, તેથી હું મરવાને ઘણાં ફાંફાં મારતો હતો, પરંતુ આત્મ હત્યા કરવી તે મને ઠીક લાગતુ નહોતું. એટલામાં સારૂં થયું કે હું આ શેહેરમાં આવી પહોંચ્યો. આપ હવે મને શુળીએ ચડાવશો તેથી હું સદાને માટે સુખી થઇ જઇશ. એવું સમજીને મેં આપને આશિરવાદ આપ્યો છે."

"ઘણો દુઃખી ડોસા" રાજાએ કકળીને કહ્યું "આવા દુઃખી ડોસાને બચાવવાથી હું વધારે રાજી થઇશ, પરંતુ મારા કાયદા ઉપર પગ મુકવાને હું કદી રાજી થઇશ નહીં. ડોસા, હું તારી જીંદગીની કિંમત દસ હજાર રૂપીઆ ઠરાવુંછું; માટે જો દસ હજાર રૂપીયા રોકડા આપે તો તને જીવતો મુકી દઉં."

"મારી પાસે એક પાઇ સરખી પણ નથી-સાહેબ" ડોસાબાજીએ કહ્યું. જીવવા કરતાં મરવાનું મને વધારે ગમે છે માટે મને ફાંસીએ ચડાવો."

"રાજાએ બે ઘડી વિચાર કર્યા પછી બોલ્યો "ઠીક છે, પણ એક ઇલાજ અજમાવવા દે. ડોસા, તું મારા શેહેરના હરકોઇ માણસ પાસે ભીખ માગ કે કોઇ વેપારી પાસેથી ઉછીના રૂપીયા આપે તો લે, પણ હરેક રીતે તારો જીવ બચાવ. તને મારવા મારૂં દીલ રાજી થતું નથી. તેમ છતાં જો દસ હજાર રૂપીઆ આજ સાંજ સુધીમાં તારા તરફથી નહીંજ મળે, તો ખુશીથી તને ...રે ફાંસીએ ચડાવી દેવામાં આવશે. લે મારો એક સિપાઇ તને ...ને સાથે રાખી બજારમાં ફેરો ખા. અને એટલું માફ ..."

એક દરબારી સિપાઈ સાથે દોરાબજી ગયો અને ઘણા વેપારીઓને પોતાની હકીકત જણાવી મદદે આગર કરજે નાણું આપવા અરજ કરી પણ ફોકટ. આખરે નિરાશ થઈ પાછો આવ્યો અને તેને દરબારી જેલમાં સાંજ સુધીને માટે મોકલી દેવામાં આવ્યો.

વ્હાલા વાંચનાર, હવે આપણે શીરીન તથા તેની સાથેના બે બાળકોનું શું થયું તે તપાસીએ.

"જ્યારે પેલો દરિયામાં ઘસડાતો કુવાસ્થંભ પેલા વહાણમાં લઈ લેવામાં આવ્યો તેની સાથે બંધાએલાં ત્રણે જણને છુટાં કરવામાં આવ્યાં અને તેની યોગ્ય સારવાર કરવામાં આવી. આગળ ચાલતાં જ્યારે સુરતનું બંદર નજીક આવ્યું, ત્યારે ટંડેલે આવી શીરીનને ખબર આપી કે "તમારે એકલાંએ આ બંદરે ઉતરી જવાનું છે અને તમારા બે છોકરાઓને અમે લેઈ જઈશું. કેમકે તમારો જીવ બચાવ્યો તેની મેહેનત બદલ અમને કાંઈ મળવું જોઈએ, માટે આ છોકરાઓને અમે કોઈ ગુલામ તરીકે વેચીશું અને અમારી મેહેનતનો બદલો મેળવીશું. તમને ખુશીથી રજા આપવામાં આવે છે."

"વારૂ ભાઈ, તમે જે વીચાર્યું હશે તે ઠીક જ હશે," શીરીને ગગળીત સાદે કહેવા માંડયું. "પણ અમો ગરીબ ઉપર તમારે રેહેમ લાવવી જોઈએ છીએ. મારી પાસે જો કાંઈ હોત તો હું જરૂર આપની મેહેનત બદલ આપત. પણ મારી પાસે કશું નથી માટે મને માફ કરો અને મારાં નિર્દોષ બાળકો મને સોંપો, પરમેશ્વર તમારૂં ભલું કરશે."

"એમ કદી બનવાનું નથી" ટંડેલે ગુસ્સાથી કહ્યું. "મેહેરબાની કરીને અમે તને રજા આપીએ છીએ ત્યારે તું બાળકોને વળગે છે. તું તારો સ્વાર્થ તાકે છે, પણ અમારી મેહેનત સામું જુએ છે? તું નક્કી માનજે કે અમે આ બાળકો તને કોઈ પણ પ્રકારે આપવાના નથી, માટે તારે ચુપ રેહેવામાંજ શોભા સમજવી."

"વારૂ, ત્યારે મારે બાળકો જોઈતા નથી" શીરીને નીરાશાને અવાજે કહ્યું. "પણ મારૂં એક વચન આપને કબુલ પડશે, તે એજકે, આ બરજોરજી મારો પોતાનો દીક-

આ કેસર તેનો ચાકર છે, માટે તમે જ્યાં આપો ત્યાં એ બંને છોકરાઓને સાથેજ આપજો અને બરજોરજી શેઠ તથા કેસર ચાકર રહે એવી ગોઠવણ કરજો."

"વારૂ, એ તમારી માગણી હું કબુલ કરૂંછું" ટંડેલે કહ્યું. "હવે તમારે જલદી ઉતરવું જોઈએ."

શીરીને પોતાનાં પ્યારાં બચ્ચાંઓને છેલ્લી બકી કરી અને તેનાથી સદાને માટે વિખુટાં પડવાનાં દુ:ખથી આંસુડાં ટપકાવતી વહાણમાંથી નીચે ઉતરી સુરત શેહેરમાં જવાનો રસ્તો લીધો.

પેલું વહાણ જરા આગળ ચાલ્યું એટલામાં ટંડેલ વિચાર કરવા લાગ્યો કે આ છોકરાઓને શી રીતે વેચવાથી શીરીનના કહ્યા પ્રમાણે શેઠ અને ચાકર પોતાની અસલ રીત પ્રમાણે રહી શકશે! આખરે તેને એક વિચાર સુજી આવ્યો તે એ હતો કે, ખંભાતના નવાબ સાહેબને તે બંને છોકરાઓ ભેટ આપવા.

"ખંભાત બંદર આવ્યું એટલે વહાણને લંગર કર્યું અને પોતાના બે ખારવાઓ સાથે તે બંને છોકરાઓને લઈ નવાબ સાહેબની કચેરીમાં ટંડેલ ગયો. તે બંને છોકરાંઓ નવાબ સાહેબને ભેટ કર્યાં અને જણાવ્યું કે, "બરજોરજી શેઠ છે અને કેસર ચાકર છે માટે તે બંનેને તેજ રીતે રાખવા બંદોબસ્ત કરશો."

"નવાબ સાહેબે તેમ રાખવા ખુશી બતાવી અને ટંડેલને નાણાંની સારી રકમ બક્ષીસ આપી વિદાય કીધો.

"બરજોરજી સ્વરૂપવાન તેમ ચંચળ હતો, તેથી નવાબ સાહેબની તેના ઉપર પ્રીતી હતી. એક ખાનગી મેહેતાજી રાખી તેને અભ્યાસ શરૂ કરાવ્યો અને તેમાં તે ઘણો ચાલાક માલમ પડયો થોડા વરસોમાં તે ઘણું શીખ્યો. પછી નોકરીમાં તે દાખલ થયો. એક પછી એક નોકરી તે ચડતો ગયો અને આખરે નવાબ સાહેબે તેને પોતાનો કારભારી બનાવ્યો. કારભાર કરવામાં તે કાંઈ કાચો નહોતો. નવાબ સાહેબની પ્રીતી તેણે પુર્ણ રીતે મેળવી હતી.

"ભાવનગર દરબાર અને ખંભાતના નવાબ સાહેબને પાળી ...તી હતી. એક વખત ભાવનગર દરબારના બોલાવવાથી નવાબ સાહેબ ભાવનગર પધાર્યા હતા. તે દિવસે બરજોરજી તથા ...થે લાવ્યા હતા. ચંચળ માણસ કાંઈ ઠેકાણે બાનો

રહેતો નથી. બરજોરજીની ચંચળતા ભાવનગર દરબારના મનમાં રમી રહી હતી તેથી કોઇ પણ વેળાએ લાગ આવે તો તેને પોતાના નોકર તરીકે રાખવાને પોતે મનમાં નક્કી કર્યું હતું. નવાબ સાહેબ પંદરેક દહાડા રહ્યા પછી પાછા ખંભાત જવા નિકળ્યા તેને વળાવવા સારૂ ભાવનગર દરબાર ઠેઠ બંદરના ડક્કા સુધી ગયા હતા. જ્યારે ત્યાંથી તે બંને જણ જુદા પડવાના થયા ત્યારે નવાબ સાહેબે કહ્યું. "ઠાકોર સાહેબ, કાંઇ મારા સરખું કામકાજ હોય તો ફરમાવજો."

"હા, એક કામ છે" દરબારે કહ્યું. "તમારો બરજોરજી અમારે જોઇએ છીએ તે આપતા જાઓ."

"બરજોરજી આપી શકાય નહીં." નવાબે કહ્યું. "તેતો મારા પ્રાણ કરતાં પણ વધારે પ્યારો છે"

"ત્યારે તમારૂં વચન ગયું." દરબારે મેણું માર્યું. "મને ખબર નહોતી કે તમે વચનના સાચા આવાજ હશો."

"કેટલીકવાર વિચાર્યા પછી નવાબ સાહેબે પોતાનો બરજોરજી કેસર સાથે દરબાર સાહેબને સોંપ્યો અને પોતે વહાંણમાં બેસી ખંભાત તરફ ઉપડી ગયા.

"બરજોરજી સાથે કેસર પણ હતો. બંનેને પાછા શેહેરમાં લાવી દરબાર સાહેબે બર બજારમાં એક સરસ મકાન કાયમને માટે બરજોરજીને બેટ આપ્યું. થોડા દહાડા પછી તેને લશ્કરી ખાતાનો ઉપરી બનાવ્યો અને ભાવનગરના એક આબરૂદાર પારસીની દીકરી સાથે લગન કરી આપ્યાં. તે કંન્યાનું નામ પુતળીબાઇ હતું. પુતળીબાઇ અને બરજોરજી પેલા ઘરમાં રહેતાં હતાં, તેની સાથે પુતળીબાઇની બેહેન પીરોજ (જે કુંવારી હતી તે) રહેવા આવી હતી. થોડી મુદત પછી પેલા કેસરને પણ એક કોલણ સાથે બરજોરજીએ પરણાવી આપ્યો હતો અને તે બંનેને પોતાના મકાનમાંની એક કોટડીમાં રાખ્યાં હતાં. કેસર પોતાના નોકર તરીકે કામકાજ કરતો હતો અને કેસરની વહુ પુતળીબાઇની ચાકરડી તરીકે કામકાજ કરતી હતી. બરજોરજી મોભાદાર માણસ ગણાતો અને પોતાની ડેલીએ ત્રીશથી ચાળીશ સુધી સિપાઇ હાજર બેસી રહેતા હતા. બરજોરજીને ખબર નહોતી કે ગ બાંપ ફાંસીને લાકડે લટકવાનો છે.

"જેમ મોટો બરજોરજી આ ગામમાં લશ્કરી ખાતાનો ઉપરી થઈને રહયો હતો તેમ તો નહીં, પણ પોતાના ભાઈની શોધ કરવા નિકળેલો નાનો બરજોરજી તપાસ કરવા સારૂ ભાવનગરમાં આજ સવારમાં આવી રહયો હતો. દેવજી ભગતની ધર્મશાળામાં તેણે ઉતારો રાખ્યો હતો. દીવના માણસોને અહિં ખાતે ફાંસી દઈ દેવાગાં આવેછે એવી ખબર તેણે કોઈની પાસેથી સાંભળવાથી પોતે વડોદરાનો રેહેવાસી છે એવું બીજાઓને જણાવતો હતો. તેને ખબર નહોતી કે, મારો ભાઈ આ ગામમાં છે અને તે લશ્કરી ખાતાનો ઉપરીછે.

"પોતાના નોકરને સાથે લઈને શેહેરમાં ફરવા નિકળ્યો. શેહેરનો કેટલો ભાગ જોતો જોતો તે ઠેઠ દરબારની ડેલી નજીક જઈ પહોંચ્યો. આ વખતે દસ વાગતાનો સુમાર હોવાથી પોતાના નોકરને આઠ આના આપી ભાતું લેવા મોકલ્યો. તેને કહ્યું કે તું ખાવાનું લઈ આપણે ઉતારે જજે એટલામાં હું આ દરબાર ગઢ જોઈને ઉતારે આવું છું.

"વારૂ કહી નાનો કેસર ગયો.

"નાનો બરજોજી બજાર અને દરબારી બંગલાની રચના જોતો જોતો જરા આગળ ચાલ્યો. એટલામાં તેને મોટો કેસર આવી કહેવા લાગ્યો—બરજોરજી શેઠ, તમને મારી શેઠાણી રોટલા જમવા સારૂ જલદી બોલાવે છે, માટે ચાલો. તે કહેતાં હતાં કે રોટલી ઠરી જશે તો શેઠને પસંદ આવશે નહીં. માટે જલદી શેઠને બોલાવી આવ. વળી પીરોજબાઈ પણ તમારા આવતાં સુધી જમવાની ના કહી બેઠાંછે."

"અરે આ શું મશ્કરીની રીત છે?" નાના બરજોરજીએ આશ્ચર્યતાથી પુછયું. "કેસર તને જયારે મેં મારા ભાઈ પ્રમાણે રાખ્યો, ત્યારે તું મારીજ મશ્કરી કરવા લાગ્યો કેમ વારૂ? ઠીક છે. પણ પેલા આઠ આના મેં તને આપ્યા તેનું શું કર્યું?"

"આઠ આના તમે મને આપ્યાજ કયારે?" મોટા કેસરે ખરા અંતઃકરણથી કહ્યું. "મશ્કરી તો તમે કરોછો કે હું?"

"હું મશ્કરી કરૂં છું લુચ્ચા?" નાના બરજોરજીએ તપીને કહ્યું. "શેઠાણી કોણ છે તે હું બીલકુલ જાણતો નથી, અને

હું ધારૂંછું કે તું પણ જાણતો હશે નહીં; કેમકે તે બંને નામ તેં મારી મશ્કરી કરવાના ઈરાદાથી નવાં કલ્પી કાઢયાં છે."

"નહીં સાહેબ, હું ખરૂંજ કહુંછું." મોટો કેસર બોલ્યો. "મારી શેઠાણી તે તમારી ધણીઆણી અને પીરોજબાઈ તે તમારી સાળી; એમાં જૂઠું શું છે સાહેબ!"

"હું હજુ સુધી પરણ્યો નથી એ શું તું નથી જાણતો કેસર!" નાના બરજોરજીએ ઠપકો આપવા માંડયો. "વળી આ શેહેરમાં આપણે આજેજ આવ્યા છીએ તે શું તારાથી અજાણ્યુંછે! આઠ આનાની મીઠાઈ તે ઉની ઉની રોટલીકરતાં વધારે સ્વાદદાર બણવાની તું સલાહ આપતો અને અત્યારે શેઠાણીની રોટલી ખવરાવવા તૈયાર થયો છે, એ હું તો ખચીત મશ્કરી સમજું છું."

"ગલત, તદન ગલત." મોટા કેસરે બળાપાથી કહ્યું. "પારકી દીકરીને પરણીને પાછળથી કુંવારાપણાનો દાવો કરવો, એ સારા માણસને છાજતી વાત નથી. વળી આઠ આના ગને નહીં આપ્યા છતાં મારે માથે ખોટો દોષ મુકો. એમાં પણ એક શેઠ તરીકે તમે અપરાધ કરોછો."

"ત્યારે હું જૂઠો કેમ? લુચ્ચા," નાના બરજોરજીએ ખુટની એક લાત મોટા કેસરને લગાવતાં કહ્યું. "તને જ્યારે માથે ચડાવ્યો ત્યારે અંતે આ ફળ નિકળ્યું."

"કેસર મારની ધાસ્તીથી નાસી ગયો અને બરજોરજીએ પોતાના ઉતારા તરફ જવા નિશ્ચય કીધો પણ બે ઘડી વિચાર કરવા ઉભો રહયો. કેસરને મારી મશ્કરી કરવાનું આજે શું ચેટક થઈ આવ્યું હશે વારૂ? તે ઘેલો થયો હશે કે મને ઘેલો બનાવ તો હશે ગમે તે હોય પણ તેણે મારી મશ્કરી તો કીધી ખરી. એટલું વિચારી તે પોતાના ઉતારા તરફ ચાલી નિકળ્યો.

"મોટો કેસર નાના બરજોરજીની લાતથી ધ... ખાઈ ત્યાંથી ચાલી ગયો હતો, તે પોતાની શેઠાણી પાસે આવી પહોંચ્યો અને તેણીને સઘળી હકીકત જણાવી. આથી શેઠાણી ક્રોધ કરી ઉઠી અને બોલી., "ધણી ધણીઆણીને સહેજ લડાઈ થાય, તેમાં પરણ્ય છતાં પરણવાનો ઇનકાર કરવો ગેરવાજબી છે. ગઈ રાત્રે અ બંનેને સેહેજ ચડભડાટ થયો હતો, તેનું આવડું મોટ રૂપ પકડવું જોઈએ? કેસર, તેવણ છે કયાં?"

"દરબારશ્રીની ડેલી પાસે છેજી." કેસરે કહ્યું.

"સારું, ત્યારે હું ત્યાં જાવું છું અને તું હારીસ તરફ જા. જો પાછા તેવણુ હારીસમાં આવે તો તું સમજાવીને તેડી લાવજે, પણ આગલી વાતની યાદ આપી તેવણુને ચીડ ચડે તેમ કરતો નહીં. જા, જલદી જા."

"જાઉં છું જી," કેસરે જતાં જતાં કહ્યું.

"અને તરત પુતળીબાઈ દરબારની ડેલી તરફ રવાના થયા. ત્યાં પહોંચી પણ બરજોરજી નજરે પડયો નહીં. કોઈ ઓળખીતાને પુછવાથી માલુમ પડયું કે, તે તો આંબાચોક તરફ ગયા હતા. પુતળીબાઈ આગળ ચાલી. આંબાચોકમાં આવી પણ કશો પત્તો લાગ્યો નહીં, પરંતુ પછીથી ત્યાં પુછતાં માલમ પડયું કે સંધાડીયા બજારમાં બરજોરજી ચાલ્યો જાયછે. પુતળીબાઇએ ઉતાવળે પગે ચાલવા માંડયું અને સંધાડીયા બજારમાં આવી પહોંચી. ત્યાં પુછતાં માલમ પડયું કે, દેવજી ભગતની ધર્મશાળા તરફ તે ગયો છે, તેથી તેણી ઉતાવળે પગે ચાલી."

"નનો બરજોરજી દેવજી ભગતની ધર્મશાળામાં આવી પહોંચ્યો અને જોયું તો નાનો કેસર પોતાની પાસે મીઠાઇનો હડીયો મુકી ચોપડી વાંચતો પોતાના શેઠની વાટ જોતો હતો. આથી બરજોરજીને ઘણું આશ્ચર્ય લાગ્યું. પોતે મનમાં વિચાર કરવા લાગ્યો કે, પ્રથમ તે મારી મશ્કરી કરવા આવ્યો, પણ જ્યારે એક લાત લાગી ત્યારે સીધો થઇ મીઠાઈ લઇ ઉતારે આવ્યો છે. ડાહ્યા માણસોએ મારને ચૌદમું રત્ન કહ્યું છે તે કાંઇ જુઠું નથી. હવે હું તેની પાસે જઈને પુછી જોઉં કે, તું શું વિચારીને મારી મશ્કરી કરવા આવ્યો હતો! એવું વિચારતો એક પગલું ભરેછે, એટલામાં પુતળીબાઇએ તેના હાથનું કાંડું પકડયું."

"અરે તું કોણ છે બાઇ?" નાના બરજોજીએ પોતાનું કાંડુ છોડાવી લેતાં કહ્યું. "પારકા પુરૂષનો હાથ પકડતાં તને શરમ થી આવતી?"

"પોતાનો છતાં પારકો બનનારને લાજ નથી લાગતી એવું જુમીની વાતછે?" પુતળીબાઈએ કહ્યું. "ધિક્કાર હોજો ...થે કરી ફજેતી કરનાર ધણીઓને. પરણતી વખતે

પોતાનો પયો હતો અને હવે પારકો થઈ નિકળ્યો છે, એ શું ચાલી શકવાનું છે? એમ અજાણ્યુ થવાથી શું હું તને છોડનાર છું?"

"હું તો હજુ સુધી કુંવારો છું, પરણ્યો નથી." નાના બરજોરજીએ કહેવા માંડ્યું. "વળી હું આ ગામનો રહેવાસી નથી, તેમજ આગાઉ કોઈ દહાડો અહિં આવેલો નથી. હું વડોદરાનો રહેવાસી છું અને આજ સવારે આ ગામમાં આવ્યો છું."

"એવી શેખાઈ મારી પાસે ચાલવાની નથી," પુતળીબાઈએ ચલવ્યું. "હું હમણાં તારી વલે કરાવીશ."

"શું છે? શું છે? એ બાઈ." નાનો કેસર જે અત્યાર સુધી છાનોમાનો બેઠો હતો તે પાસે આવી કહેવા લાગ્યો. "અમને પરદેશીને નાહક હેરાન શા સારૂ કરે છે?"

"કેસરભાઈ પરદેશીની પુછડી બનીને આવ્યા" પુતળીબાઈએ મશ્કરી ચલાવી "જેવા બરજોરજી શેઠ, તેવાજ કેસરભાઈ ચાકર. જૈસેકું મીલા તેસા, તેસેકું મીલા તાઈ: તીનું હોકે તુનતુની બજાઈ. રડયા, તું પણ અમારૂં વહાણ ડુબાવવા બેઠો છે, કેમ? બરજોરજી, આગળ ચાલો છો કે ફજેતી કર્યા પછીથી ચાલશો?"

"આબરૂ સહીત આગળ ચાલવામાંજ બરજોરજીએ ડહાપણ જોયું, પુતળીબાઈએ પેલો મીઠાઈનો દડીયો ફેંકી દીધો અને કેસરને પણ સાથે આવવાની ફરજ પાડી ત્રણે જણ ઘર તરફ ચાલ્યાં રસ્તે ચાલતાં નાનો કેસર વિચાર કરવા લાગ્યો કે હું જે વખત મીઠાઈ લેવા ગયો હતો, તે વખત શેઠ પાછળ રહ્યા હતા; તેથી અનુમાન થાય છે કે આ રંડાને તે મળ્યા હશે, જો તેમ ન હોય તો અમારાં બન્ને જણનાં નામ તેને અપ્વડેજ શી રીતે! માટે નક્કી હળમાં કાળું થયું હશે.

"વળી નાના બરજોરજીને વિચાર થયો કે, કેસર મીઠાઈ લેવા ગયો તે વખતેજ તે આ જગતની આસરાને ખુબસુરત દેખાડવા માટે મુકરર કરી હશે. એ સિવાય તે મને રોટલી દરી જમાનું, પીરોજબાઈ વાટ જોયાનું અને રોટલા જમવા જવાનું કદી કહેત નહીં. જ્યારે એક વાત ખાધી ગયો હતો; માટે ખરેખર કેસરનું કારસ્તાન હોય એવું

"આ પ્રમાણે અનેક વિચારોનાં તરંગમાં ગોથાં ખાતાં ત્રણે જણ ઘર નજીક આવી પહોંચ્યાં. પુતળીબાઇ પણ વિચારમાં ગરકાવ હતી.

"ડેલી પાસે પહોંચતાં ડેલીએ બેઠેલા તમામ સિપાઈઓ ઉભા થયા અને બરજોરજી શેઠને ઘણી ખમા કહી સલામો કરવા લાગ્યા. આ જોઈ બરજોરજી આશ્ચર્ય તો પામ્યો, કે આખું ગામ મને તો ઓળખતું દીસેછે, પણ કશું નહીં બોલતાં ચુપકીદીથી સલામ કરી અંદર પેઠો. પછવાડે સૌએ કેસરભાઈ રામરામ કહી કેસરને સલામ કરી, તેથી કેસર પણ સલામથી ઉત્તર વાળી અંદર પેઠો. અંદર પેઠા પછી શેઠાણીએ સઘળા સિપાઈઓને હુકમ કર્યોકે, આપણા રોજના રીવાજ મુજબ તમે સઘળા સિપાઇઓ અંદર આવો અને ડેલીનાં બારણાં બંધ કરી સાંકળ ચડાવો. શેઠ જમી રહેતાં સુધી કોઈએ બારણું ઉઘાડવું નહીં. વારૂજી, કહી સિપાઇઓએ ડેલી બંધ કીધી અને સૌ અંદર બેઠા. મોટા બરજોરજીએ જમતી વખત ડેલી બંધ કરવાનો રીવાજ રાખેલો હતો તેથી સિપાઈઓ તે રીવાજ જાણતાજ હતા, તેથી તેઓને કાંઇ આશ્ચર્ય લાગ્યું નહીં.

"ડેલીમાંથી નાનો બરજોરજી વગેરે જરા આગળ ચાલ્યા, એટલામાં મોટા કેસરની વહુએ આવી નાના કેસરના હાથનું કાંડું પકડયું અને બોલી, "તું આપણે ઘેર જમવા ચાલ; ત્યાં કયાં ચાલ્યો જાયછે?"

"હું તો મારા શેઠની સાથે જઇશ." નાના કેસરે ગભરાઈને કહ્યું. "તારી સાથે આવીશ નહી."

"તારો શેઠ તેનાં ધણીઆણી સાથે જમવા જાયછે." પુતળીબાઈએ કહ્યું. "તેમ તું તારી બાઈડી સાથે જમવા જા. શેઠની સાથે તારે શું દાટયું છે? ચાલ, જા જલદી."

"એમ કે?" નાનાં કેસરે આશ્ચર્યતાથી પુછ્યું. પછી મનમાં વિચાર કરવા લાગ્યો કે, મારા શેઠે મારે માટે પણ સગવડતો ...ી દેખાયછે. શેઠને બાયડી હોય ત્યારે નોકરને શા માટે નહીં! ...સારૂ પણ બાયડી મુકરર કરી રાખી જણાય છે. ઓહો! ...નમાં એમણે તો વધારે કરી દેખાડ્યું દીસે છે.

"નાનો બરજોરજી પણ આ આશ્ચર્યતામાંથી દૂર જણાતો નહોતો તે સઘળું કારસ્તાન કેસરનું સમજતો હતો.

"થોડીવાર પછી આણી તરફ નાનો બરજોરજી, મોટા બરજોરજીની વહુ પુતળીબાઇ અને તેણીની બેહેન પીરોજબાઈ તથા પેલી તરફ નાનો કેસર અને મોટા કેસરની વહુ જમવા બેઠા. લગભગ અરધું જમણ ખલાસ કીધુ હશે, એટલામાં ડેલીના બારણાનું કડું જોરથી કોઈએ ખખડાવ્યું."

"કોણ છે?" અંદરથી એક દેશી સિપાઈએ પુછયું. "એ તો હું અને બરજોરજી શેઠ, બે જણ છીએ, રૂખડ."

"બરજોરજી શેઠ? અને વળી તુ તે કોણ?" પેલા રૂખડે અંદર નાના બરજોરજીને જમતો જોઈ આશ્ચર્યતાથી પુછયું. "તુ કઈ રાંડનો છોકરો છે તેતો મને કહે?"

"અલ્યા રૂખડ, જલદી બારણું ઉઘાડ." મોટા બરજોરજીએ જોરથી બારણાં અફાળતાં કહ્યું. "કેમ, આજે તારો મિજાજ પણ ફરી ગયો છે? ઉઘાડ. એ તો હું—બરજોરજી અને કેસર બે જણ આવ્યા છીએ. ઉઘાડ, ઉઘાડ. કેમ કોઇ બીજો સિપાઇ નથી હોય તે ઉઘાડો. નહીં તો હમણાં બારણાં તોડી પાડશ:
કોઈએ જવાબ ન દેવાથી બારણાં ગગડાવી ...
ધકેલવા માંડયા.

"કોણ છે બહાર?" બા...
ભળી પુતળીબાઇએ પુ...

"કોઇ બ...
રૂખડ ...

અને કજીઓ કરે છે. ચાલ આપણે હમણાં એક કલાક આસપાસ ફરી આવીએ. તેણીને ફજેતીથી શરમ થતી નથી, પણ મને શરમ લાગે છે. જો લોકો બારણાં ઠોકતાં આપણને જુએ તો કહેશે કે. બરજોરજી બહાર લાખનો અને ઘરમાં કાખનો છે, માટે આપણી આબરૂ આપણેજ સંભાળવી જોઇએ."

"ને જણ ત્યાંથી ચાલ્યા ગયા.

"થોડીવાર પછી નાનો બરજોરજી વગેરે સર્વ જમી રહ્યાં અને પાન સોપારી ખાઈ બરજોરજીએ બજારમાં જવાની રજા માગી. પાછા રાત્રે જલદી ઘેર આવવાની અને ધર્મશાળા વગેરેમાં પડી નહીં રહેવાની કબુલત લઇ પુતળીબાઈએ તેને રજા આપી. નાનો બરજોરજી તથા નાનો કેસર બંને જણ ડેલી પાસે આવ્યા, એટલે ડેલી ઉઘાડવામાં આવી અને તરત બંને જણ બહાર પડયા. જરા આગળ ચાલ્યા. એટલામાં એક સોની મળ્યો.

"બરજોરજી શેઠ, સાહેબજી." સોનીએ કહ્યું. "પેલી આપે
ી હતી તે પાંચ હજાર રૂપીઆની સાંકળી તૈયાર કરી છે. જુઓ
ે." સાંકળી બતાવી.

?" નાના બરજોરજીએ આશ્ચર્ય પામીને પુછયું.
ી અને સાંકળી લેવાનું હું કહુંજ કેમ?"
ં પુછે છે કોણ?" સોનીએ કહ્યું. "મારૂં
વડુ પાસેથી લઈ જઇશ. લો

ાં.

બરજો-

છતાં તે મારી બૈરીની થવાનો દાવો કરે છે. હાલ તો જોકે લાભ થાય છે, પણ લાભ થાય તે ગેરલાભ સારૂ."

"આપ પેલી બાઇને બીલકુલ ઓળખતા નથી?" નાના કેસરે આશ્ચર્યતાથી પુછ્યું.

"બીલકુલ નહીં." નાના બરજોરજીએ ભારથી કહ્યું, "તે રાંડ મફતની વળગી પડી. આવા ખરાબ ગામમાં આપણે હવે રહેવું નહીં જોઈએ. આવા ગામમાં મારો ભાઇ કદી હોય નહીં. આખું ગામ મને પડું લાગે છે, માટે તું હમણાંને હમણાં બંદર ઉપર જા, અને કોઇ વહાણ હમણાંને હમણાં ગમે તે ગામ ઉપડી જતું હોય ત્યાંનો તું બંદોબસ્ત કરી પાછો આવ. આપણે તે વહાણમાં ઉપડી જઈએ. જા, જલદી; હું તને પાછો ઘોધાના દરવાજાની નજીકમાં મળીશ."

"સારૂંજી, આ ચાલ્યો." નાનો કેસર જતાં જતાં બોલ્યો.

"વ્હાલા વાંચનાર, હવે આપણે મોટા બરજોરજી અને મોટા કેસર તરફ નજર કરીએ.

"ડેલી નહીં ઉઘાડવાથી મોટો બરજોરજી તથા મોટો કેસર ત્યાંથી ચાલ્યા ગયા હતા, તે ફરતા ફરતા પેલા સાંકળી- નીની દુકાને આવી પહોંચ્યા.

"કેમ સોની મહાજન, સાંકળી તૈયાર
બરજોરજીએ પુછ્યું. "તૈયાર થઇ હોય

"સાહેબ, આપને આ
કેસરભાઇ મેરથી આ

"ગલત

લકુલ

"કયા હુકુમ હય સાહેબ," પાસેની પોલીસ ચોકમાંથી સિપાઈઓએ આવી પુછ્યું.

"એ પતરાજખોર સોનીકું અભીકા અભી બાંધકે પેહેરામે બેઠા દો." મોટા બરજોરજીએ હુકમ કર્યો. "હમકું વો કમારા બોલતા હય. હમારા અપમાન કીયા."

"અચ્છા સાહબ." સિપાઈએ સોનીને બાંધતાં કહ્યું.

"સોનીને બાંધવાની બાંજગડ ચાલતી હતી એટલામાં તો સોનીનો ભાઈ દીવાની કોર્ટમાં જઇ બરજોરજી ઉપર પકડવાનું વારંટ મેળવી આવ્યો અને તેથી મોટા બરજોરજીને પકડવામાં આવ્યો. મોટા બરજોરજીએ પોતાના કેસરને કહ્યુ કે તું આપણા વકીલને ઘેર જા, અને ત્યાંથી તેને કોર્ટમાં બોલાવી લાવ. વારૂજી કહી કેસર વકીલને ઘેર ગયો. આણી તરફ સોનીને છોડી દેવામાં આવ્યો. મોટા બરજોરજીને કોર્ટમાં લઈ ચાલ્યા. રસ્તામાં નાનો કેસર મળ્યો, તેને જોઇ મોટા બરજોરજીએ કહ્યું. 'કેસર, તું તારી શેઠાણી પાસે જા અને તેની પાસેથી પાંચ હજાર રૂપીઆની નોટો લઇ કોર્ટમાં વેહેલો આવ.' વારૂજી કહી તે ઘર તરફ દોડયો.

'માં વિચાર કરવા લાગ્યો કે, મારો શેઠ કહેતો હતો કે હું ખતો નથી અને અત્યારે પાછો પાંચ હજાર રૂપી- મને મોકલ્યો છે. એતો સારૂં થવાનું કે, મેં જોયું હોત તો ભોગ ફરી વળત. ખરૂં માં ખેલે છે.

હજાર રૂપીઆની નોટો

જી મળ્યો. કે-

જોરજી

તમારૂં ઘર જોયું નથી. હજુ આજે સવારમાંજ આ ગામમાં હું આવેલો છું, ત્યારે હું આઠ દિવસ ઉપર તમારે ઘેર જમવા કેમ કરીને આવેલો હોઇશ."

"અરે આ તમે શું બોલોછો બરજોરજી?" પેલી બાઈએ ઠપકો આપવા માંડયો, "તમે સાંકળી આપવાનું વચન આપ્યું છે તેમ છતાં જો સાંકળી ન આપવી હોય તો મારી આપેલી ત્રણ હજારની વીંટી પાછી આપો."

"પણ તે જાણે છે કોણ?" નાના બરજોરજીએ કંટાળો ખાઇને કહ્યું. "મને વીંટીની ખબર નથી."

"મારી વીંટી લીધા વિના હું છોડનાર નથી" પેલી બાઈએ દ્રઢતાથી કહ્યું. "સાંકળી આપવાનું તમે વચન આપ્યું છે, તે ગયું તો ગયું."

"નાનો બરજોરજી પેલી બાઈને ઓળખતો નહોતો એ વાત ખરી, પરંતુ મોટા બરજોરજીએ તેણીને વચન આપેલું હોવાથી આ બાઈ સાહેબને તેણીએ પકડયા હતા. નાનો બરજોરજી કંટા-
ળીને પેલી બાઇના હાથમાંથી પોતાના હાથનું કાંડું
નાઠો અને તેની પાછળ નાનો કેસર પણ નાઠો. પેલી
જણુને ગાંડા થઇ ગયેલા સમજી પુતળીબાઈને ખ'

"જ્યારે પેલી બાઈ પુતળીબાઈ પાસે
ળીબાઇએ માનથી આવકાર આપ્યો'
રણ પુછ્યું.

"તમારો ધણી ત'
પેલી બાઇએ ચલ'
હશે તેથી -
આ''

"મને લાગે છે કે, તે બન્ને જણુ ગાંડા થઇ ગયા છે." પેલી બાઇએ કહ્યું "તેઓની વેળાસર સંભાળ કરવી એ તમારૂં કામછે, હું તો તમારી હેતસ્વીછું તેથી ખબર આપવા આવીછું, હાલ તો તેઓ થોડા ગાંડા છે પણ જો રખડતા રહેશે તો ગામના લોકો તેઓને વધારે ગાંડા બનાવશે."

"ત્યારે મારે કરવું કેમ?" પુતળીબાઇએ કંટાળીને પુછ્યું.

"કેમ શું?" પેલી બાઈએ કહ્યું. "તે બંને જણુ ઘેર આવે એટલે સિપાઈઓ પાસે પકડાવી બાંધી બંને જણુને એક એકાંત ઓરડામાં પુરી રાખવા અને જયાં સુધી તેઓ સાજા થાય નહીં ત્યાં સુધી તેઓને બહાર કાઢવા નહી."

કેદ કરવાની પેલી બાઇએ સલાહ આપી અને પુતળીબાઈએ તે કબુલ રાખી. પેલી બાઈ પોતાને ઘેર ચાલી ગઈ અને પુતળીબાઇ દોરડાં તૈયાર રખાવી બરજોરજી તથા કેસરની ઘેર આવવાની વાટ જોતી બેઠી.

કોર્ટમાં મોટા બરજોરજી ઊપર સાંકળીનું હુકમનામું થયું તેથી પાંચ હજાર રૂપીઆ લેવા સારૂ દરબારી કારકુનને સાથે લઇ તે ઘેર આવ્યો, વકીલને ઘેર ગયેલો મોટો કેસર પણ આ ...આવ્યો તેથી બને જણ સાથેજ ઘરમાં પેઠા, પાંચ ... કારકુનને આપી વિદાય કીધો કે તરત પુ- ...રને બાંધવા હુકમ કર્યો. શીપાઈઓએ

...ન કરે છે?" મોટા બર-

...થતાં સુધી

હવાવાલા ઓરડામાં પહરેજ કરવામા આવ્યા અને તેની ચોકી કરવા સારૂ શેરખાં મિયાંને બેસાડવામાં આવ્યો.

થોડીવાર પછી એક ઓળખીતા વાણીયાએ આવી પુતળીબાઇને ખબર આપી કે, બરજોરજી શેઠ તથા કેસર બંને જણ પેલી બાજુના રસ્તા ઉપરથી ચાલ્યા જાય છે, તે ઉપરથી તરત પુતળીબાઇએ શેરખાં મિયાંને બોલાવ્યો અને બરજોરજી તથા કેસર કયાં છે તે વિષે પુછયું. શેરખાએ જણાવ્યું કે ઓરડામાં હજુ કેદ પડેલા છે, પણ પુતળીબાઇને ભરૂસો આવ્યો નહીં તેથી શેરખાંને અનેક ભુંડી ગાળો દીધી અને તેને લુણહરામી પણ કહ્યો. આખરે પોતાના સિપાઇઓને સાથે લઇ તે પેલી બાજુના રસ્તા તરફ દોડી.

"તે રસ્તા ઉપર પહોંચતાંજ તેને નાનો બરજોરજી તથા નાનો કેસર નજરે પડયા. નાના બરજોરજીએ પેલી સાંકળી ગળાંમાં ઘાલેલી હતી. નાના કેસરે શામાનનું પોટલું માથે લીધું હતું. બંને જણ વહાણમાં બેસવા સારૂ જતા હતા, એટલામાં પુતળીબાઇ આવી લાગી. 'સિપાઇઓ પકડો, બરજોરજી તથા કેસરને'" એમ શેઠાણીએ બુમ પાડી.

"હાય હાય, મારી નાખ્યા રે! કોઇ મદ…

નાનો કેસર તથા નાનો બરજોરજી …

વાડે પુતળીબાઇ, સિપાઇઓ …

પેલી તરફ શેરખાં જમ…

ધાવી લીધો હતો…

મોટા બર…

…

'તમારો ધણી બરજોરજી કે?' રાજાએ પુછયું.

"હા સાહેબ" પુતળીબાઇએ કહ્યું "તે માંદા થઈ ગયાછે."

"બરજોરજી આપણી સાથે નથી?" રાજાએ પોતાના માણુસોને પુછયું. "હોય તો બોલાવો."

"છે જી" કહી એક માણુસ બોલાવવા દોડયો.

"આણી તરફથી પેલી બુઢી વેરાગણ નાના બરજોરજી તથા કેસરને અરજ કરવા સારૂ લઇને રાજા પાસે આવી અને પેલી તરફથી મોટો બરજોરજી તથા મોટો કેસર રાજાના બોલાવવાથી આવ્યા. કેવો અચબુચ મેળાપ ! બુઢ્ઢા દોરાબજીએ પોતાના દીકરાઓને ઓળખ્યા અને હર્ષથી બુમ પાડી ઉઠયો. પેલી બુઢી વેરાગણે દોરાબજીને પોતાનો ધણી જાહેર કીધો અને પોતાનું અસલ નામ શીરીન જણાવ્યું. કેવો અચાનક મેળાપ ? રાજાને કહેલી વાત નજરે જોવામાં આવી. શીરીને પોતાની અધુરી હકીકતથી શરૂ કીધું. " હું વહાણમાંથી સુરતમાં ઊતરયા પછી છેવટ [illegible]નગરમાં આવી આ મઠના બાવાની ચેલી થઇ. આખરે તે [illegible]વાથી હાલમાં હું મહાંત છું " આ ટુંક હકીકત [illegible]જુને પોતાના ભાઈ તથા માબાપની ઓળખાણ [illegible] ત્રીશ હજાર રૂપીયા આપી તે પોતાના [illegible]પ, ભાઈ કેસરને પોતાને ઘેર [illegible]ી. હવે ભુલ ભાગી અને [illegible]ના બરજોરજીએ, [illegible]રોજબાઈ

રબરસ્ટામ્પ.

આજ કાલ ઘણે ઠેકાણે રબરના જાત જાતનાં સ્ટામ્પ બનાવવાની દુકાનો અને કંપનીઓ નીકળી છે, પરંતુ હજુ સુધી કોઇ પણ ખરીદનારે એટલુ નક્કી જણાવ્યું નથી કે સસતું સારૂં અને વખત સર કામ કયાં થાય છે

હમારા અનુભવ અને જાણવા પ્રમાણે એ..લુ તો જણાવી શકીએ છીએ કે નીચે જણાવેલે ઠેકાણે એ કામ બીજા કોઇપણ બનાવનારાઓ કરતાં સારૂ અને વાયદાસર થાય છે. આને અમો લાંબાં પોહોળાં હેન્ડબીલો અને ડંફાસોનાં રણશીંગડાં ..ના નથી.

..માં અમે એટલુંજ જણાવવા માગ્યે એકવાર કોઇપણ અનુભવીએ ..વો.